Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (0278) 2521698



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ ભાદરવો

धम्मं पि हु सद्दहन्तया, दुल्लहया काएण फासया ।
इह कामगुणेहि मुच्छिया, समयं गोयम ! मा पमायए ॥

ધર્મ પર શ્રદ્ધા લાવીને શરીરથી ધર્મનું આચરણ કરવું ઘણું અઘરૂં છે. સંસારમાં ઘણા ધર્મશ્રદ્ધાળુ મનુષ્યો પણ કામભોગમાં મૂર્છિત રહે છે. હે ગૌતમ, ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કર.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૭૧ ] સપ્ટેમ્બર : ૧૯૭૪ [ અંક : ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | શરણું છે એકજ મ્હારે | ... | જગજીવનદાસ જે. જૈન | ૧૨૧ |
| ૨. | સંવત્સરી પર્વને આરાધક બનાવીએ | ... | ભાનુમતિ દલાલ | ૧૨૨ |
| ૩. | પડિક્કમણુ | ... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૨૩ |
| ૪. | પરિમિત કરીએ પરિગ્રહને | ... | ડૉ. ભાઇલાલ એન. બાવીશી | ૧૨૭ |
| ૫. | પર્યુષણા પર્વ | ... | વલ્લભદાસ મહેતા | ૧૩૧ |
| ૬. | તૃષ્ણા અને તૃપ્તિ | ... | ઓંકારશ્રીજી | ૧૩૩ |
| ૭. | ત્યાગ | ... | ઝવેરભાઇ બી શેઠ | ૧૩૭ |
| ૮ | સંયમ–સાધના | ... | અમરચંદ માવજી શાહ | ૧૩૯ |
| ૯. | ગ્રંથાવલોકન | ... | અનંતરાય જાદવજી શાહ | ૧૪૩ |
| ૧૦. | સમાચાર | ... | ટા પે ૨૩ | |


ભાવનગર

## ૨૫૦૦ મી મહાવીર મહોત્સવની ઉજવણી

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી કસ્તુરસૂરીશ્વરજી તથા પૂજ્ય આ. મ. શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજીના માર્ગદર્શનનીચે શહેર ભાવનગરમાં સમસ્ત શ્રી ભાવનગર મૂર્તિપૂજક તપાસંઘ તરફથી પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો.

તેમાં પ્રભાતફેરી, સમૂહ સામાયિક, સમૂહ ઉપવાસની તપશ્ચર્યા, સ્નાત્રમહોત્સવ, રથયાત્રાના વરઘોડો, વિદ્વાન વક્તાઓના પ્રવચનો, નૃત્ય અને નાટય પ્રયોગો વગેરે કાર્યક્રમો યોજાયા હતા.

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી તથા પૂજ્ય મુનિમહારાજ શ્રી રૂચકસૂરીજી તથા વિદ્વાન વક્તા ઓ શ્રી વી. કે. મહેતા (ડેપ્યુટી જન. મૅનેજર સ્ટેટ બૅન્ક ઓફ સૌરાષ્ટ્ર), શ્રી કુમારપાળ બી. દેસાઇ (સ્વ. જયભિખ્ખુના પુત્ર) વગેરે ના પ્રવચન ભગવાન મહાવીરના જીવન વિષે યોજાયા હતા.

આ ઉપરાંત વકતૃત્વ હરીફાઈ, નાટય હરીફાઈ નિબંધ હરીફાઇ વગેરે કાર્યક્રમો યોજાયા હતા. તેમજ અનેક વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## આ સભાના નવા આજીવન સભ્યો

શ્રી ધનવંતરાય હીરાલાલ–ભાવનગર

શ્રી વૃજલાલભાઇ હરજીવનદાસ–મુલુન્ડ

શ્રી રમણિકલાલભાઇ ખીમચંદ–માટુંગા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. તલકચંદ દામોદરદાસ મહેતા

### જીવનની ટૂંક રૂપરેખા



**सेवाधर्मो परमगहनो योगीनामप्यगम्यः ।**

અર્થાત્ સેવાધર્મ એ મહાન ધર્મ છે, જે ધર્મ યોગીઓને પણ દુર્લભ છે. આવો પવિત્ર સેવાધર્મ જેમના જીવનમાં ચરિતાર્થ થયેલો જોવામાં આવે છે, એવા શ્રી. તલકચંદ દામોદરદાસ મહેતાનો જન્મ શેત્રુંજય તીર્થની શીતળ છાયામાં આવેલા, પાલીતાણાની નજીકના ઘેટી ગામમાં, ધર્મનિષ્ઠ સુશ્રાવક મહેતા દામોદરદાસ દેવચંદને ત્યાં, સં. ૧૯૭૧ના શ્રાવણ વદિ ૭ મંગળવાર તા. ૩૧-૮-૧૯૧૫ના દિવસે થયો હતો. પ્રાથમિક અભ્યાસ ઘેટીમાં કરી માત્ર ૧૬ વર્ષની ઉંમરે સં. ૧૯૮૭માં નોકરી અર્થે તેઓ મુંબઇ આવ્યા. શરૂઆતમાં થોડો સમય નોકરી કરી, પરંતુ સ્વભાવ અને પ્રકૃતિથી પોતે સ્વાશ્રયી અને સ્વાવલંબી હોવાથી, ટૂંક સમયમાં જ દૂધનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને આ ધંધામાં ભારે કુશળતા અને સફળતા પણ પ્રાપ્ત કરી.

શ્રી. તલકચંદભાઇએ પોતાના ધંધાને ખીલવ્યો, પરંતુ મન દુર્બળ બને, આધ્યાત્મિક જીવનનો રસ છોડી જાય, નૈતિક અને ન્યાયની સારાસારની દૃષ્ટિ નષ્ટ થઇ જાય, એ પ્રકારનું ધન મેળવવા પ્રત્યે મૂળથીજ તેમનું લક્ષ ન હતું. વર્તમાન કાળમાં પરિવર્તતી પરિસ્થિતિના કારણે, દૂર દૂરના ગામોમાં વસતા આપણા સીઝાતા સાધર્મિક ભાઇ બહેનોને, આપણી સમાજના સુખી અને સાધન સંપન્ન ભાઇઓએ સહાયરૂપ બનવું જોઇએ, એ વિચાર સૌથી પ્રથમ તલકચંદભાઇને આવ્યો. આ વિચારની ફલશ્રુતિરૂપે, મુંબઇમાં સં. ૨૦૨૨ની સાલમાં શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સહાયક ફંડ સંસ્થાની સ્થાપના થઇ. શ્રી. તલકચંદભાઇ આ સંસ્થાના મુખ્ય કર્ણધાર બન્યા. આપણા દુઃખી સાધર્મિક ભાઇ બહેનોની વિકટ આર્થિક પરિસ્થિતિમાં, બની શકે તેટલી હદે સહાયરૂપ બનવું, એ આ સંસ્થાનું પાયાનું ધ્યેય હતું.

સુપ્રસિદ્ધ અમેરિકન લેખક શ્રી. ઓરીસન સ્વેટ માર્ડને તેના એક ગ્રંથમાં એવા ભાવાર્થનું લખ્યું છે કે, સોના ઉપર આપણે કામ કરશું તો તે નષ્ટ થશે, પિત્તળ ઉપર કામ કરશું તો સમય જતાં તે ઘસાઇ જશે, આપણે દેવળો ઊભાં કરીશું તો તે કોઇક દહાડો જમીનદોસ્ત થશે, પણ આપણે અમર આત્માઓ ઉપર કામ કરશું, તેમને સહાયરૂપ બનશું, યત્કિંચિત્ પણ મદદરૂપ બનશું, તો આપણે એવું કોતરકામ કરીશું કે અનંતકાળ સુધી તે વધારે ને વધારે પ્રકાશથી ઝગઝગ્યા કરશે. આવા ઉચ્ચ ઉદ્દેશથી પ્રેરાઈને, શ્રી ઘોઘારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યાશ્રીમાળી જૈન સહાયક ફંડમાં જે જે દાતાઓ સહાય આપે, તેનો અમુક હિસ્સો શ્રી. તલકચંદભાઇએ પોતે આપવાની જાહેરાત કરી અને આ રીતે આ સંસ્થાને અપૂર્વ વેગ મળ્યો. પછી તો દાતાઓની પણ પડાપડી થવા લાગી.

માણસનાં સાધન અગર તેની લાયકાતની કિંમત તેની પાસેના પૈસાથી અંકાતી નથી. જો તેની પાસે વિપુલ ધન હોય પણ તેનું હૃદય સ્વપર્યાપ્ત હોય, તો તેના વિપુલ ધનથી કોઈ અર્થ સરતો નથી. શ્રી. તલકચંદભાઇ ઉદાર અને દીર્ઘદૃષ્ટા છે અને તેમનામાં અપૂર્વ આત્મશ્રદ્ધા છે. માણસમાં રહેલી આત્મશ્રદ્ધાથી, બીજા માણસો પર જે અસર થાય છે, તેથી જ મહાન કાર્યો સિદ્ધ થાય છે. શ્રી. તલકચંદભાઇ લક્ષાધિપતિ નથી, પરંતુ તેમ છતાં માત્ર સં. ૨૦૨૭ની સાલમાં, તેમની યોજના અનુસાર તેમની મદદનો ફાળો રૂપિયા દશ હજારની રકમ કરતાં પણ વધુ હોવાનો પ્રસ્તુત સંસ્થાના રીપોર્ટમાં જોઇ શકાય છે.

બધાં દાન, દાનરૂપે એક જેવાં જ હોવા છતાં, દાનના મૂલ્ય દાનની રકમ પરથી નહિ, પણ તેની પાછળ રહેલી ભાવના પરથી અંકાય છે શાલિભદ્રે તેમના પાછલા ભવમાં મુનિને વહોરાવી હતી તો માત્ર ખીર, પણ તેની પાછળ એટલી બધી ઉત્કૃષ્ટ ભાવના રહેલી હતી કે તેના ફળ રૂપે શાલિભદ્રની રિદ્ધિ પ્રાપ્ત થઇ. આમ શ્રી. તલકચંદભાઈના દાનની પાછળ જે ઉત્કૃષ્ટ અને શુભ ભાવના રહેલી છે, તે ભારે પ્રશંસાને પાત્ર છે, એટલું જ નહિ, પણ સૌ કોઇના માટે અનુકરણ કરવા લાયક છે.

રોગી લોકોની સેવા કરવી અગર સેવા કરવામાં સહાયરૂપ બનવું તે ભારે પુણ્યનું કાર્ય છે. ભગવાન મહાવીરે કહ્યું છે, "હે ગૌતમ ! ગ્લાની–બીમારની જે સેવા કરે છે, એ મારી જ સેવા કરે છે." અત્યંત આનંદ અને ઉલ્લાસપૂર્વક, હરકીસનદાસ હોસ્પીટલના પ્રમુખ શેઠ શ્રી. ગોરધનદાસભાઇને પોતાને આંગણે આમંત્રી, શ્રી. તલકચંદભાઇએ રૂા. ૧૦,૦૦૦/– ની રકમ હોસ્પીટલને સહાયરૂપે આપેલ છે. સોનું અને રૂપું એ વસ્તુ જ્યાં ઝાંખી દેખાય છે, ત્યાં જ માણસની બુદ્ધિને વધારેમાં વધારે ચળકાટ મળે છે. આ વસ્તુ શ્રી. તલકચંદભાઇના જીવન પરથી પ્રત્યક્ષ રીતે જોઇ શકાય છે. વેરીની ધર્મશાળા, ધાર્મિક અને કેળવણી વિષયક સંસ્થાઓ, મુંબઈનું ચોપાટી દવાખાનું, પાલીતાણા સેવા સમાજ દવાખાનું, તળાજા તીર્થસ્થાન તેમજ પરદેશ અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓને સહાય અર્થે તેમણે યથાશક્તિ દાન આપેલ છે. પરંતુ પ્રસિદ્ધિ અને જાહેરાતથી તેઓ દૂર રહેવામાં માનવાવાળા છે.

શ્રી. તલકચંદભાઇના લગ્ન સં. ૧૯૮૮ની સાલમાં ટાણા નિવાસી શ્રી. વાલજીભાઇ લલ્લુભાઇની સુપુત્રી શ્રી. ચંચળબેન સાથે થયા હતા. નદીની શોભા જેમ તેનું નીર છે, તેમ ગૃહની શોભા પણ ગૃહિણી પર અવલંબે છે. શ્રી ચંચળબેન અત્યંત સાદા, સરળ અને પતિના દરેક સત્કાર્યો પાછળ પ્રેરણારૂપ છે. તેમણે અઠ્ઠાઇ તેમજ બીજાં નાના મોટા તપ ક્યાં છે અને આપણા અનેક તીર્થોની જાત્રાઓ પણ કરી છે.

શંકાસ્પદ રીતિથી મોટી કીર્તિ પ્રાપ્ત કરવી, વાહ વાહ બોલાવવી, તેના કરતાં પ્રમાણિકપણે અપ્રસિદ્ધિમાં રહેવું એ વધારે ઉત્તમ છે, એમ માનવાવાળા શ્રી. તલકચંદભાઇએ અમારી સભાના પેટ્રન થવા સંમતિ આપી, તે અમારા માટે આનંદ અને ગૌરવની વાત છે. શાસનદેવ તેમને દીર્ઘાયુ અને તન્દુરસ્તી અર્પે અને દીર્ઘકાળ પર્યંત તેઓ જૈન સમાજ અને લોકકલ્યાણના શુભ કાર્યો કરે, એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૧ ] વિ. સં. ૨૦૩૦ પ્રથમ ભાદરવો .·. ઈ. સ. ૧૯૭૪ સપ્ટેમ્બર [ અંક : ૧૧

## શરણું છે એકજ મ્હારે

આત્મજ્ઞાનની અનંત લહેરો, સાંપડશે મને ક્યારે?
રાગ–દ્વેષમાં ડુબી ગયો છું, ઉગારશો પ્રભુ ક્યારે?

જાગો ચેતન જળહળતા
યાચક ઉભો છે દ્વારે.

જાણ્યા જગના સકલ પદાર્થો, મેં પોતાને નહિ જાણ્યો
ક્રિયાકાંડમાં રત બન્યો, પણ ચેતન નહિ પિછાન્યો

ભ્રાન્તિ ભવભવની
મેં તાર વીણ તંબૂર બજાવ્યો.

શરીર સુકવ્યું તપ કરતાં, પણ અંતર નહિ ધોવાયો
કષાયો અંતરમાં રાખી, તપનો માર્ગ લજાવ્યો

જુગજુગની ભ્રમણા ભાંગો
મેં રેતપર મહેલ બનાયો

અનંતકાલના કર્મ ખપાશે, જો આવીશ સંયમ દ્વારે
સ્વભાવમાં તદ્રુપ થવાશે, કર્મ ખપાશે ત્યારે

આવો અરિહંતો
શરણું છે એકજ મ્હારે.

દેસાઈ જગજીવનદાસ જે. જૈન
બગસરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત્સરી પર્વને આરાધક બનાવીએ

—ભાનુમતિ દલાલ

આધ્યાત્મિકતા એ ભારતીય સંસ્કૃતિનો પાયો છે. આપણાં વ્રતો, તહેવારો કે પર્વોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોઇએ તો એ બધામાં આધ્યાત્મિક ભાવ સંકળાએલો છે. આ દૃષ્ટિએ વિચારીએ તો વ્રતો કે તહેવારોની પાછળ આપણા આત્માના શુદ્ધ ભાવોને ઓળખવાની ભાવના રહેલી છે.

જૈન ધર્મમાં જે વ્રતો કે તહેવારો આવે છે તે બીજા ધર્મના વ્રતો કે તહેવારો કરતા કંઈક અંશે જુદા પડે છે. આપણા વ્રતો કે તહેવારોમાં તપશ્ચર્યાને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. કોઈ આઠ ઉપવાસ કરે, કોઇ સોળ ઉપવાસ કરે, કોઇ માસખમણ કરે, કોઈ સિદ્ધિ તપ કરે આવી ઉત્કૃષ્ઠ કોટિની તપશ્ચર્યા જીવે જે અનંત કર્મો બાંધ્યા હોય છે તેને હળવા કરે છે. માટે જ આવા વ્રતો તહેવારો કે પર્વો મુક્ત દશાની નજીક લઈ જનારા આત્મ વિકાસના સોપાન સમા બની રહે છે. આવું પર્યુષણ પર્વ આત્માભિમુખ કરનારૂં સાધના પર્વ છે.

સામાન્ય રીતે આજના લૌકિક પર્વો તથા ઉત્સવો પાછળ માનવીની કામના આનંદ-પ્રમોદને ઇન્દ્રિય સુખો સંતોષવામાં રહેલી હોય છે. આવા સ્થૂલ આનંદ સુખ આપે એવા પર્વોથી કેટલાક લોકોત્તર પર્વ પણ છે. જેમાં આપણે ધનનું મમત્વ છોડી દાન કરીને, મન, વચન અને કાયાનો સંયમ પાળીને, કષાયોનો ત્યાગ કરીને અને તપશ્ચર્યા કરીને કર્મોને હળવા કરવાના હોય છે. અને તેથી આપણામાં પવિત્ર વિચારો અને ભાવનાઓ જાગૃત થાય છે. અને તે આત્મકલ્યાણના માર્ગે જવા પ્રેરે છે.

આપણામાં આ ભાવના જાગૃત કરવા કંઈક નિમિત્ત જોઈએ છે તો તે નિમિત્ત આવા ત્યાગ પ્રધાન પર્વોમાંથી આપણને મળી રહે છે. અને આત્માની ઉન્નતિ કરવા આપણે શુભ સંકલ્પ કરીએ છીએ. એટલે જ જ્ઞાની પુરુષોએ આવાજ કોઈ કારણે આ પર્વના આયોજન પાછળ ઉચ્ચતમ દૃષ્ટિ જોઈ હશે! જેથી પર્યુષણ પર્વને સર્વ પર્વોમાં વિશિષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે. માટે તેને પર્વાધિરાજ પણ કહેવામાં આવે છે.

આવા પર્વાધિરાજ પર્યુષણ પર્વ સામાન્ય રીતે શ્રાવણ વદી બારશથી શરૂ થાય છે અને ભાદરવા સુદિ ચોથનો છેલ્લો દિવસ જેને સવંત્સરીનો દિવસ કહેવાય છે. સંવત્સર એટલે વર્ષ ભાદરવા સુદિ ચોથ વરસમાં એકવાર આવે છે માટે તેને 'સવંત્સરી' કહેવાય છે.

આ વરસે અધિક મહિનો હોવાથી. શ્રાવણ મહિનાની બારસ નહિ પણ અધિક ભાદરવા વદી અગ્યારશે પર્યુષણ શરૂ થશે અને બીજા ભાદરવા સુદ ચોથને દિવસે સવંત્સરીનો દિવસ આવશે

સારીએ જૈન આલમ સંવત્સરીને મહાન પવિત્ર દિવસ ગણે છે. આગલા સાત દિવસ સવંત્સરીના દિવસને શુદ્ધ બનાવવાના પાયારૂપ છે આ સાત દિવસમાં આપણા વ્રત નિયમોથી જો આપણો આત્મા મન, વચન અને કાયાથી વિશુદ્ધ થાય તો આપણે સંવત્સરીનો દિવસ વધુ શુદ્ધ રીતે પાળી શકીએ અને આ કારણે આપણો આત્મા એટલો કોમળ બની ગયો હોય છે કે જેથી આપણે મનથી કોઈ પ્રત્યે ક્રોધ ન કરીએ જીભથી કોઈને કડવા વેણ ન બોલીએ, કાયાથી કોઈ પણ જીવની હિંસા ન કરીએ અને સૌ જીવોને ક્ષમા આપીએ તો સંવત્સરી પર્વની આત્મિક ઉજવણી કરી શકીએ.

આપણે આ સાત દિવસમાં બધી ઉપાધિઓ છોડીને શાંત મનથી, શુદ્ધ ભાવથી આપણા આત્મા સાથે તાદાત્મ્ય ભાવ સાધીને આપણા વિચારોને

( અનુસંધાન પાના નં. ૧૨૬ ઉપર જુઓ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पडिक्कमण

**શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા**

લિચ્છવીઓના મુખ્ય રાજા ચેટકની પુત્રી મૃગાવતીનું લગ્ન વત્સદેશના કૌશાંબીનગરના રાજવી શતાનીક સાથે થયું હતું. રૂપ, ગુણ અને શીલમાં મૃગાવતી અજોડ હતી. એક વખત મૃગાવતીનું ચિત્ર ઉજ્જૈનના કામી રાજવી ચંડપ્રદ્યોતના જોવામાં આવ્યું. મૃગાવતીનું ગૌરવભર્યું મુખ, શરીર સૌષ્ઠવ, ભરાવદાર અંગો, ચપળ નેત્રો અને પરવાળા સમા હોઠ પર ફરકતું સ્મિત–ચિત્રમાં જોઈ તેને હાથ કરવાનું મન થયું. કામી પુરુષ કદી પણ સાચો પ્રેમ પ્રાપ્ત કરી શકતો નથી અને પછી જ્યાં ત્યાં વલખાં માર્યા કરે છે મૃગાવતી તો કૌશાંબીની મહારાણી હતી, એટલે કૌશાંબીપતિને યુદ્ધમાં જીત્યા વગર તેને પ્રાપ્ત કરવાનું અશક્ય હતું. હવે મૃગાવતીને પ્રાપ્ત કરવા તે આલસવિલસ થવા લાગ્યો અને તે માટે, યોગ્ય તકની રાહ જોતો રહ્યો.

તેવામાં તેને સમાચાર મળ્યાં કે શતાનીક ગંભીર માંદગીથી પીડાય છે અને આ તકનો લાભ લઇ પોતાના સુસજ્જિત સૈન્ય સાથે તેણે કૌશાંબી પર ચઢાઈ કરી. ચંડપ્રદ્યોતે ચારે બાજુથી કૌશાંબીને ઘેરો ઘાલ્યો અને તેથી થયેલા આઘાતના કારણે શતાનીકનું મૃત્યુ થયું. ચંડપ્રદ્યોતે મનમાં થયું કે રાજા વિનાનું લશ્કર હવે શું સામનો કરી શકવાનું ? તેણે મૃગાવતીને સંદેશો મોકલાવ્યો કે પ્રદેશના લોભથી તેણે આ યુદ્ધ નથી કર્યું, જો તે રાણી થવાનું કબૂલ રાખે, તો શતાનીકના બાળ પુત્રને તે ગાદીએ બેસાડવા તૈયાર છે. મૃગાવતીને આ રીતે રાજમાતા અને રાજરાણી બનવાની તેણે લાલચ બતાવી.

મૃગાવતી તો ચેટક રાજાની પુત્રી એટલે ત્રિશલા માતાની સગી ભત્રિજી હતી. ત્યાગ અને વિરાગમાં અમૃતને માનનારી. આવી મહાન નારીને ચંડ-પ્રદ્યોતની લાલચ કયાંથી લોભાવી શકે ? સ્ત્રી જ્યાં સુધી સંયમ અને વિશુદ્ધતાને પૂરેપૂરી રીતે જાળવી શકે, ત્યાં સુધી તો મહાન સમ્રાટોને પણ તેની પાસે મસ્તક નમાવવું પડે છે. જગતની દરેકે દરેક સ્ત્રીમાં આવી મહાન શક્તિ રહેલી જ હોય છે, પણ પોતાનામાં આવી શક્તિ રહેલી છે, તેનો ખ્યાલ જ્યારે નથી હોતો, ત્યારે એવી સ્ત્રીને અવળા માર્ગે લઈ જવામાં પુરુષ સફળ થાય છે. કોઇ પણ સ્ત્રી, માત્ર એક જ વખત ચૂકે, પવિત્રતાના માર્ગેથી ચ્યુત થાય અને મોહ લુબ્ધ બને, તો એવી સ્ત્રીનું સર્વસ્વ પછી પુરુષના હાથમાં જતું રહે છે અને તેણે સદાકાળ માટે પુરુષની દાસી આશ્રિતા બની રહેવું પડે છે.

ચંડપ્રદ્યોતનો સંદેશો મળ્યાં પછી મૃગાવતીને ભારે મુંઝવણ થઇ. સ્ત્રી હોય કે પુરુષ, પણ તેણે નિર્મિત કર્તવ્ય તો અવશ્ય બજાવવું પડે છે. મૃગાવતીએ પણ પોતાના પર આવી પડેલું કર્તવ્ય બજાવવા દૃઢ નિર્ણય કર્યો. 'શઠં પ્રતિ શાઠ્યં કુર્યાત્'ની નીતિ તેણે અપનાવી અને ચંડપ્રદ્યોતને પોતાની પાસે લઈ આવવા મંત્રીઓને આજ્ઞા કરી મંત્રીઓ તો સમજી ગયા કે મૃગાવતીની આવી નીતિમાં કોઇ ચોક્કસ ભેદ હશે. ચંડપ્રદ્યોતને મૃગાવતીનું આમંત્રણ મળ્યું, એટલે તે મૂર્ખનું હૈયું નાચી ઊઠયું અને બનીઠનીને મૃગાવતીને મળવા મહેલમાં આવ્યો.

મૃગાવતીનો સુપ્રભ ઘાટીલો દેહ અને મધુર વાણી જોઇ ચંડપ્રદ્યોત તો દિગ્મૂઢ થઇ ગયો. દયાર્દ્ર ભર્યા સ્વરે મૃગાવતીએ ચંડપ્રદ્યોતને કહ્યું "મારા પતિનું તાજેતરમાં મૃત્યુ થયું છે અને વળી મારે એક નાનો બાળક છે. હવે જ્યારે તમે એ બાળક પર પિતૃત્વના હક્ક સ્થાપવા માગો છો, ત્યારે તેનું હીત જોવું એ તમારી ફરજ બની જાય છે. તમારી મનોકામના હું સિદ્ધ કરુ તે પહેલાં, કૌશાંબીના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કિલ્લાને મજબૂત કરો અને તેને એક સબળ સત્તા બનવા દો. યોગ્ય સમયે હું સામે પગલે ઉજ્જૈન આવીશ. આજની પરિસ્થિતિમાં, એક વિધવા નારી તમારી સમક્ષ બીજું વધું તો શું કહી શકે?'

જ્યારે દુર્વિચારનો ધોધ ઉછળતો હોય છે, ત્યારે એવો માણસ પોતાની શુદ્ધ બુદ્ધ ગુમાવી બેસતો હોય છે. મૃગાવતીની વાત સાંભળી ચંડપ્રદ્યોત તો પાણી પાણી થઈ ગયો. તેણે વિચાર્યું કે આજ નહિં તો આવતી કલે, મૃગાવતી અવશ્ય તેની જ થવાની છે. કામનાથી ઘેરાયેલો માણસ, જેની એને કામના છે એવી સ્રીમાં, પોતાના મનના ભાવોની જ છબી જુવે છે. તેથી જ તો કહેવાય છે કે कामी स्वतां पश्यति.

મૃગાવતીની વાત ચંડપ્રદ્યોતે આનંદપૂર્વક કબુલ રાખી અને પોતાના લશ્કર સાથે તે પાછો ચાલી ગયો. મૃગાવતીને પ્રાપ્ત કરવાની લાલચે, કૌશાંબીને મજબૂત કરવા તમામ સહાય પણ તેણે આપી. પરંતુ લાંબો સમય પસાર થવા છતાં મૃગાવતી ઉજ્જૈન ન ગઈ, એટલે ચંડપ્રદ્યોતે પોતાના અંગત મંત્રી સાથે મૃગાવતીને વહેલી તકે ઉજ્જૈન આવવા સંદેશો મોકલાવ્યો.

એ વખતે તો કૌશાંબી સબળ બની ગયું હતું અને કોઈ પણ સત્તા સામે સામનો કરી શકે તેમ હતું. ચંડપ્રદ્યોતના સંદેશાના જવાબ રૂપે, મૃગાવતીએ તેના અંગત મંત્રીને કહ્યું, "તમારા રાજાને કહેજો કે શીલનું રક્ષણ, સંતાન પ્રત્યેની ફરજ, પતિ પ્રત્યે વફાદારી, વિશ્વના જીવો માત્ર માટે દયા, કરુણા અને અનુકંપા એજ ભારતીય નારીનો ધર્મ અને ભૂષણ છે સાચા અને શાશ્વતા સુખનો માર્ગ વાસનાની તૃપ્તિ નહિ પણ વાસનાનો અંત છે. ચંડપ્રદ્યોત તો મારા બનેવી છે (મૃગાવતીની બહેન શિલા ચંડપ્રદ્યોતની અનેક રાણીઓ પૈકી એક હતી) એટલે મારા માટે વડીલ બંધુ સમાન છે. કૌશાંબી માટે તેમણે જે કર્યું, તે બધું કરવાની તો તેમની ફરજ હતી. આમ છતાં તેમણે જે કર્યું તે માટે મારા ધન્યવાદ આપજો!'

મંત્રીએ ઉજ્જૈન આવી ચંડપ્રદ્યોતને જ્યારે બધી વાત કરી, ત્યારે તેને ભાન થયું કે સપાટીનાં શાંત દેખાતાં પાણી પણ વાસ્તવમાં ઘેરી ઊંડાઇ ધરાવતા હોય છે. એક નારી તેને ઉલ્લુ બનાવી ગઇ, એ સમજાતાં તેનો ક્રોધ ભભૂકી ઊઠયો. સુસજ્જ સૈન્ય લઇ ચંડપ્રદ્યોતે ફરી વખત કૌશાંબીને ચારે બાજુથી ઘેરી લીધી. શહેરના રક્ષણાર્થે મૃગાવતીએ શહેરના દરવાજાઓ બંધ કરાવ્યા.

એ વખતે ભગવાન મહાવીર ઓગણીસમુ ચોમસુ રાજગૃહીમાં કરી, પોતાના શિષ્ય સમુદાય સાથે કૌશાંબી નજીકના એક ઉદ્યાનમાં આવી પહોંચ્યા, ચંડપ્રદ્યોત પણ એ વખતના અનેક રાજવીઓની માફક ભગવાન મહાવીરનો ભક્ત હતો. મૃગાવતી નગરના દ્વારેથી પાલખીમાં બેસી ભગવાનની દેશના સાંભળવા આવી. ચંડપ્રદ્યોત પણ ત્યાં દેશના સાંભળવા આવેલ હતો. દેશના પૂરી થતાં મૃગાવતીએ ઊભા થઇ હાથ જોડી કહ્યું, "ભગવંત! મને દીક્ષા આપવા આપને હું વિનંતી કરું છું. મારો પુત્ર હવે ઉમ્મર લાયક થયો છે, અને વળી ચંડપ્રદ્યોત જેવા તેના માસા પણ તેનું ધ્યાન રાખવા વાળા છે."

મૃગાવતીની વાત સાંભળી ચંડપ્રદ્યોતને ધરતીકંપ જેવો આંચકો લાગ્યો, પણ મનમાં સમસમીને તેણે બેસી રહેવું પડયું. મૃગાવતીએ દીક્ષા લીધી. ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરતી વખતે સાધ્વી સંઘનું નેતૃત્વપદ ચંદનબાળાને સોંપ્યું હતું. એટલે મૃગાવતી તે દિવસે ચંદનબાળાની શિષ્યા બની ગઈ. સાંસારિક સંબંધે, ચંદનબાળા એ મૃગાવતીની બહેન ધારિણીની પુત્રી હતી.

(૨)

મૃગાવતીશ્રીની દીક્ષા બાદ પાંચેક વરસે, ગુરુણી અને શિષ્યા એટલે કે ચંદનબાળા અને મૃગાવતી જ્યારે કૌશાંબીમાં હતાં, ત્યારે ચંદ્ર અને સૂર્ય પોતાના સ્વાભાવિક વિમાન સાથે ભગવાન મહાવીરને વંદન કરવા આવ્યાં. તેઓનાં વિમાનનાં તેજથી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આકાશમાં પ્રકાશ રહેવાથી, લોકો રાત થયા છતાં દિવસ છે, એમ સમજી ત્યાં બેસી રહ્યાં. ભારે ગીર્દીના કારણે મૃગાવતીશ્રી ગુરુણીથી છૂટા પડી ગયા. ચંદનબાળા તો સમય થતાં પોતાને સ્થાને ચાલી ગયા, પણ મૃગાવતીશ્રી સૂર્યના પ્રકાશને કારણે હજુ દિવસ છે, એવા ભ્રમમાં મોડે સુધી બેસી રહ્યાં અને ગુરુણી પાસે પહોંચ્યા ત્યારે સારું એવું મોડું થઇ ગયું હતું.

સાધ્વી સમુદાયની તમામ જવાબદારી ચંદનબાળાના શિરે હતી. અલ્પકાળનો ઉચ્ચ સંયમ જેમ આત્માને ઉર્ધ્વગતિમાં લઈ જાય છે, તેમ અલ્પકાળની સંયમમાંની સ્ખલના પણ, આત્માને અધોગતિમાં લઈ જવા નિમિત્તરૂપ બની જાય છે. મોડું થવા માટે મૃગાવતીશ્રીના સંતાપનો કોઇ પાર ન હતો. મૃગાવતી જેવા ચંદનબાળા પાસે પહોંચ્યા કે તરતજ ગુરુણીએ ટકોર કરી, "સાધ્વીઓથી મોડી રાત સુધી બહાર ન રહી શકાય, તેઓએ સમયસર પોતાના સ્થાને આવી જવું જ જોઇએ."

કયા કારણે મોડું થયું, તે અંગે મૃગાવતીશ્રી દલીલ તો કરી શકત, પણ તેઓ પોતેજ સ્ખલનાને કારણે જ્યાં પશ્ચાત્તાપરૂપી અગ્નિમાં સળગી રહ્યાં હતાં, ત્યાં દલીલને અવકાશ જ ક્યાં હતો? ચંદનબાળાની ટકોરે પશ્ચાત્તાપ રૂપી પ્રચંડ અગ્નિમાં ઘૃતનું કાર્ય કર્યું અને વિચારવા લાગ્યા, "આત્માની ઉર્ધ્વગતિ માટે રાજપાટ છોડયા, પુત્ર પ્રત્યેના રાગ–મોહ છોડયાં, પ્રાપ્ત થયેલાં વૈભવ વિલાસને લાત મારી અને ત્યાગ–તપ–સંયમનો ધર્મ સ્વીકાર્યો –અને છતાં હે જીવ! તારાથી આવી સ્ખલના કેમ થઇ?"

તે રાતે નિદ્રા મૃગાવતીશ્રીની વેરણ બની, પણ ભવ્ય પડિક્કમણ–પ્રતિક્રમણની પ્રક્રિયા તેના મનમાં શરૂ થઈ. પ્રતિક્રમણ એટલે પાછા ફરવું–પોતાના મૂળ સ્થાન તરફ પાછા ફરવું. તાત્ત્વિક દૃષ્ટિએ કહીએ તો, પ્રમાદ અને કષાયના કારણે પોતાના સ્થાનથી ચ્યુત થયેલા આત્માને–સ્વસ્થાન અર્થાત્ મોક્ષ ધામમાં લઇ જવાની જે ક્રિયા તેનું નામ પ્રતિક્રમણ. પ્રતિક્રમણ એટલે આત્મ નિરીક્ષણ કરી, આત્માને જાણવાની, સમજવાની સાધના. પ્રતિક્રમણમાં દોષની કબૂલાત અને તે અંગે પશ્ચાત્તાપ એ બંને બાબતો આવી જાય છે. 'વંદિતુ' સૂત્રમાં અનેક ઠેકાણે तं निंदे तं च गरिहामि પદ આવે છે, એ પદમાં આ ભાવ રહેલો છે. આવું ભવ્ય પ્રતિક્રમણ મૃગાવતીશ્રીએ તે રાત દરમિયાન કર્યું. પોતાથી થયેલ સ્ખલના પર ભારે પશ્ચાત્તાપ કરતાં કરતાં, તે જ રાતે મૃગાવતીશ્રીનાં ઘાતિ કર્મોનો નાશ થયો અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. દીક્ષા પર્યાય તો માત્ર પાંચ જ વરસનો, પણ એટલા ટૂંકા સમયમાં તેણે આત્માને જાણી અને સમજી લીધો.

એ રૂડામાં ચારે બાજુ ઘોર અંધારું હતું. એક સંથારિયા પર ચંદનબાળા નિદ્રા લઇ રહ્યા હતા અને તેની પડખે જ મૃગાવતીશ્રી પણ જાગતાં પડી રહેલા હતા. તેવામાં મૃગાવતીશ્રીએ ચંદનબાળાના હાથ તરફ એક સર્પને જતો જોયો. મૃગાવતીશ્રીએ તરત જ ચંદનબાળાનો હાથ ઊંચો કરી લીધો અને સાપ હાથ નીચેથી પસાર થઇ ગયો. પરંતુ પોતાના હાથને સ્પર્શ થવાના કારણે ચંદનબાળા જાગી ઊઠયાં. તેણે મૃગાવતીશ્રીને પૂછ્યું, 'શા માટે મારો હાથ ઊંચો કર્યો હતો? અત્યંત વિનમ્ર ભાવે મૃગાવતીશ્રીએ સર્પની વાત કરી, એટલે ચંદનબાળાએ સ્વાભાવિક રીતે જ પૂછ્યું, "પરંતુ આવા ગાઢ અંધકારમાં જ્યારે હું તમારું મોં પણ નથી જોઇ શકતી, ત્યારે સર્પને તમે કઈ રીતે જોઇ શકયા?" નિર્વિકાર ભાવે જવાબ આપતાં મૃગાવતીશ્રીએ કહ્યું, "તમારા પ્રતાપે થયેલા કેવળજ્ઞાનના આધારે, મેં સાપને તમારા હાથ તરફ જતાં જોયો."

ચંદનબાળા, એજ ઘડીએ ઊભા થઈ ગયા અને મૃગાવતીશ્રીના ચરણોમાં પડી ગયા. હવે ચંદનબાળાના કોમળ હૃદયમાં પશ્ચાતાપનો અગ્નિ પ્રગટયો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેને થયું કે વિના અપરાધે મોડું આવવાની બાબતમાં તેનાથી મૃગાવતીશ્રીને ઠપકો અપાઇ ગયો. એવા પશ્ચાત્તાપના કારણે, એજ વખતે ચંદનબાળાને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. જ્ઞાની મહાત્માઓએ સાચું જ કહ્યું છે કે, "માણસ જે કર્મનો કરોડો જન્મની આકરી તપશ્ચર્યાથી પણ નાશ નથી કરી શકતો, તે કર્મનો પશ્ચાત્તાપ દ્વારા માત્ર અર્ધી ક્ષણમાં નશ કરી શકે છે."

પશ્ચાત્તાપમાં આવી શક્તિ રહેલી છે અને પ્રતિક્રમણ એ પણ પશ્ચાત્તાપની એક પ્રક્રિયા–સાધના છે. પ્રતિક્રમણ કરતી વખતે, ચંદનબાળા અને મૃગાવતીશ્રીના પ્રતિક્રમણનો આદર્શ આપણે સૌ યાદ રાખીએ અને એ આદર્શ સમીપ જવા બને તેટલા પ્રયત્નો કરીએ.

(અનુસંધાન પાના નંબર ૧૨૨ નું ચાલુ)

આત્મસાત કરીને આપણા ભૂતકાળમાં ડોકિયું કરીને શોધવાનું એ છે કે આખા વર્ષમાં આપણે કેટલી ભૂલો કરી? એ ભૂલોને સુધારવા આપણે પ્રયત્ન કર્યો કે એ ભૂલો ચાલુ રાખી! આપણે કેટલીયવાર સામી વ્યક્તિને સારૂં લગાડવા અસત્ય બોલ્યા! આપણી એ ટેવ ચાલુ છે કે એમાં કોઈ સુધારો થયો! પારકાને ઉપદેશ દેવામાં આપણે આપણું પાંડિત્ય દેખાડીએ છીએ પણ આપણે આપણા જીવનમાં આચરણમાં એ પાંડિત્યનો કેટલો સદુપયોગ કર્યો? આ બધા વિચારોનું વારંવાર ચિંતન, મનન કરવાથી આપણો આત્મા વધુ સજાગ બને છે અને સવંત્સરીના દિવસે ક્ષમાપના આપવાને સુપાત્ર બને છે.

સંવત્સરીનો દિવસ એટલે ક્ષમાપનાનો દિવસ. આ દિવસે સૌ કોઈ એક બીજાને ક્ષમા આપે છે આ ક્ષમા ઉપરછલ્લી રીતે નહિ પરંતુ કોઈ પણ સાથે વૈર વિરોધના પ્રસંગો ઉભા થયા હોય તો એ યાદ કરી સંવત્સરીના આગલા દિવસે તેને ત્યાં જઈ અંતરના સાચા પશ્ચાત્તાપ સાથે તેને ક્ષમા આપી આપણા આત્માને આરાધક બનાવીએ.

સંગમ દેવતાએ પ્રભુ મહાવીરને હેરાન કર્યા, દુઃખ આપ્યુ છ છ માહના સુધી અનેક કષ્ઠો આપ્યા. અને પ્રભુએ એ વેદના સમતાથી સહન કરી. પ્રભુએ એકજ વિચાર કર્યો. 'હું સહન કરીશ તો શુદ્ધ થઈશ અને મારા અનંત કર્મો ખપી જશે" પ્રભુની અપાર ક્ષમા અને સમતા જોઈ સંગમ પ્રભુના ચરણે પડયો. અને કહ્યું "પ્રભુ મને ક્ષમા કરો, આપને મેં બહુ સંતાપ્યા છે. કંઈક યાતનાઓ આપી છે. જો આપ ક્ષમા નહિ કરો તો કોણ ક્ષમા કરશે?" પ્રભુની આંખમાંથી દડ દડ આંસુ આવ્યા, એ કારણે કે સંગમની કેવી ગતિ થશે? એને મારા નિમિત્તે કેટલા પાપ કર્મ બાંધ્યા! આપણે પણ આપણા જીવનમાં આવી ક્ષમાને સમતા અપનાવીએ તો!

એજ પ્રમાણે ખંધક મુનિની જ્યારે ચામડી ઉતરાડાતી હતી ત્યારે ખંધક મુનિના આત્મામાં ક્ષમા અને સમતાનો સાગર હિલોળે ચઢયો હતો. એમને વેદના ઘણી થતી હતી. પણ અંતરમાં ક્ષમાનો સાગર હતો. તેથી તે વેદના શમી ગઈ અને વેદનાનો રંગ સહન શીલતામાં ઘૂંટાતો રહ્યો અને એમાંથી એમને કેવળ જ્ઞાનનો પ્રકાશ પ્રગટયો.

આપણે સૌ આવી રહેલા પર્યુષણ પર્વના દિવસોમાં ક્ષમા રાખી જ્ઞાનનો પ્રકાશ મેળવીએ. અને સંવત્સરી પર્વના દિવસને આરાધક બનાવીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિમિત કરીએ પરિગ્રહને !

લે : ડૉ. ભાઈલાલ એમ. બાવીશી M. B. B S. પાલિતાણા

'પરિગ્રહ પાપનું મૂળ છે' એ હકિકત શાસ્ત્રોએ પોકારી પોકારીને કહી છે, સંસારમાં સંતો, મહંતો અને સંસારીઓએ એનું સમર્થન કર્યું છે, વ્યવહારમાં પણ ધન, જમીન કે બીજી બાબતોના સંદર્ભમાં પરિગ્રહના પાપમય પરિણામો રૂપ કલેષ-કંકાસ, મોહ-મમતા, રાગ-દ્વેષ, ટંટા-ફિસાદ, આદિ સંઘર્ષો જ્યાં ત્યાં નજરે ચડે છે, પરિગ્રહ પાંચમું પાપ સ્થાનક હોવા છતાં, પાંચેય પાપ-સ્થાનકોના પિતા સમાન જણાય છે, જે સંસારમાં -વ્યવહારમાં ડગલે ને પગલે જોઈએ છીએ અનુભવીએ છીએ, ચીજ વસ્તુઓ મેળવવા. સંગ્રહવા અને વધારવાની વૃત્તિ વધતાની સાથે જ કોઈને દબાવી-ફસાવી કે મારી-ઝુડી. સાચું-જુઠું બોલી કે ખોટુ ખટપટ કરી, ચોરી-ચપાટી કરી કે કાળાં ધોળાં કરી, માલ-મિલકત કે ધન-જમીન મેળવવા માનવી રચ્યો-પચ્યો રહે છે. એવી અન્યાય-અનિતિની અને વગર મહેનતની સંપતિ ભેગી થતાં મળી જતાં માનવી વૈભવ-વિલાસને પંથે વળે છે, મોજ શોખમાં રાચે છે, વ્યસની બની શરાબ ઢીચે છે, અને પરસ્ત્રી-લંપટ બની વ્યભિચારાદિ સેવવા સુધી ઉતરી જાય છે. આ રીતે ધન દોલતની લાલસામાં અને મોજશોખના સાણસામાં ફસાતા માનવી અવનતિ-અધોગતિની ગર્તામાં ગબડી પડે છે. પછી તો એ કયાં જઈ અટકશે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે-દુઃખદ છે, ત્યારે પરિગ્રહ પાપનું મૂળ જ ને !

સંપત્તિ-સમૃદ્ધિ વધતાં અને મન વાંછિત મોજ-શોખ મળતાં, માનવી વિચારક ને સમજદાર ન હોય તો મન, વચન, કાયાથી ચળવા લાગે છે, પાપ-રસ્તે વળે છે, એના વિચારો વિકૃત-હલકટ બનતા જાય છે, સ્વચ્છંદી રીતે વર્તવા ને નિચ-નબળાં કામો કરવા પ્રેરાય છે. વિચારોમાં સ્વચ્છંદ આવતાં અને મન વિકારી બનતાં, 'મન એવું વચન' એ ન્યાયે એની વાણી પણ વિચિત્ર ને વિકૃત બની જાય છે. ગમે તેવી ગલિચ ભાષા બોલતાં કે જેને તેને ગમે તેમ સંબોધતા અચકાતો નથી. વિવેક છોડી જાય છે, વિનયનું ભાન રહેતું નથી આમ મન-વચનમાં શિથિલતા આવતાં, કુમળી કાયાને પણ સ્પર્શે ને ! એટલે એ જાતજાતના ને ભાત ભાતના સુંદર ને આકર્ષક આભૂષણો પહેરવા ને રંગ-બેરંગી વેશભૂષા સજવા લલચાય છે- લાગી જાય છે, પછી તો ધન-સંપત્તિના મદમાં વિષય-લંપટ ને વ્યસની બની વ્યભિચાર તરફ વળે છે.

આમ સામાન્ય માનવી પરિગ્રહ વધતાં, મન, વચન કાયાથી વિકૃત બની નીચી કક્ષાએ ઉતરી જાય છે અને કર્મ-બંધન કરતો સંસારની ભ્રમ-જાળમાં ફસાય છે. આવી છે ભૂલભૂલામણી 'પરિગ્રહ'ના પ્રતાપ ને પ્રભાવની ! સંસારની આટીઘુટીમાં અને માયાની મોહજાળમાં ફસાતા આત્માને પછી ઉગરવાનો આરો-વારો કયાં રહ્યો ? પરિણામે પરિગ્રહના આવા ભ્રામક ફંદામાં ફસાતો આત્મા કર્મોના કેદખાના-કારાવાસમાં એવો તો જકડાય છે કે પછી એને મુક્ત થવા છટકબારી શોધવી-મળવી મુશ્કેલ બની જાય છે, પછી તો એને માટે એકજ ઉકેલ-ઉપાય રહે છે—કે પોતે ધીમે ધીમે પરિગ્રહને પરિમિત કરે, જરૂરીયાત સિવાયની ચીજો મેળવે નહિ કે વધારેનો પરિગ્રહ શુભ માર્ગે વાપરી નાંખે, અને છેવટ પરિગ્રહથી સર્વથા મુક્ત બને તો જ મોક્ષની મંઝીલ પ્રતિ એના પગરણ મંડાય અને પુણ્ય-પથે પ્રયાણ શકય બને !

આવી રહેલા પર્વાધિરાજ પર્યુષણના સંદર્ભમાં અનુષ્ઠાનો-પાપસ્થાનકો, મહાવ્રતો ને અણુવ્રતો, તપશ્ચર્યા ને દિન-ચર્યા આદિ અંગે અમારા 'સામયિક-મંડળ'માં ધર્મ-ચર્ચા નિકળતાં આવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી તાત્ત્વિક વિચારણા ચાલી પણ એને સ્પષ્ટ ને સરળ કરવા અમારા પંડિતજીએ વચ્ચે પડતાં કહ્યું "મિત્રો, પરિગ્રહ માનવીને સંસારમાં ને વ્યવહારમાં નિચ-નબળાં કામો-કુકર્મો કરાવે છે અને આખરે આત્માને અધોગતિએ પહોંચાડે છે. પણ જો શ્રદ્ધાળુ-સમ્યક્ત્વી આત્મા જો સમજે અને આત્માની ઉન્નત ઇચ્છે તો 'પરિગ્રહ જે પાપનું મૂળ છે' એને ઓછો કરે, પરિમિત બનાવે અને આખરે એમાંથી મુક્ત બને તો એ તરી જાય-તોજ સંસારમાં એ શાંતિ સમતા પામે અને આત્મા ઉચ્ચ કક્ષાનો અધિકારી બની જાય! આ પ્રશ્ને એક પૂ. ગુરુદેવ પાસેથી સાંભળેલ સુંદર દૃષ્ટાંત તમને કહું તો આ ચર્ચા રસપ્રદ બનશે" અને પંડિતજીએ એ દૃષ્ટાંત રસભરી શૈલીમાં રજુ કર્યું.

"શેત્રુંજી નદીને તીરે, એક પ્રસિદ્ધ નગરના ઉપાશ્રયમાં એક સાત્ત્વિક સંત પુરુષ મુનિ સચ્ચિદાનંદવિજય પધાર્યા છે. મહદ્ અંશે સમાધિને ધ્યાનમાં મસ્ત રહે છે. નિષ્પરિગ્રહી ને નિર્મળ છે. જ્ઞાની ને ધ્યાની છે. પરગજુ ને પરોપકારી છે. પ્રસંગે બોધ પણ આપે છે."

પંડિતજી અમારી રસવૃત્તિને ચકાસવા જરા અટકયા પરંતુ અમોને બધાને એક ધ્યાને સાંભળતા જોઈ આગળ ચલાવ્યું- "આ મુનિશ્રીની ખ્યાતિ સાંભળી નગરશેઠ ધનંજય જેને ધર્મની લગની લાગી છે. અને મુક્તિની મસ્તી સમજાઇ છે તે આ મુનિશ્રી પાસે વારંવાર આવે છે અને એમના ઉપદેશનું અમૃત પીતાં સંતોષ અનુભવે છે. એક દિવસ થોડું રહસ્ય સમજવા ધનંજય શેઠ મુનિશ્રી સચ્ચિદાનંદ વિજયજી પાસે આવ્યા અને વંદન કરી પૂછી રહ્યા-'પૂજ્યશ્રી, આપના ઉપદેશમાં આપ જ્યારે ત્યારે કહો છો કે 'પરિગ્રહ' ત્યાગવાથી આત્મા શાંતિ, સમતાને સચ્ચિદાનંદ અનુભવે છે. આપની એ વાત મને ગળે ઉતરી ગઇ એટલે મેં સર્વસ્વ છોડી દીધું. ધન-સંપત્તિ ને માલ-મિલ્કત બધી છોકરાંઓને સોંપી દીધી. માત્ર ધોતી ને કફની પહેરવા રાખી છે, ઈંદ્રિયો પર પણ કાબુ જમાવ્યો છે. ખાવા પીવાનો રસ નથી ને મોજ માણવાની ઈચ્છા નથી, બંગલો છોડી બાજુમાં એક નાની ઝુંપડીમાં રહું છું ને ધર્મ-ધ્યાન કરું છું. છતાં મને કેમ શાંતિ નથી મળતી? આત્મા અશાંતિ ને અસંતોષ અનુભવે છે, દિલમાં સમતા ને સમભાવની અનુભૂતિ થતી નથી, કેમ એમ ગુરૂદેવ?'

મુનિશ્રીએ ધનંજય શેઠની મુખ મુદ્રા નિહાળી, એની વિચાર શ્રેણી ચકાસી ગંભીરતાથી પ્રત્યુત્તર આપ્યો—'મહાનુભાવ, તમે દેખીતી રીતે તો બધું છોડયું છે. બહારથી પરિગ્રહ મુક્ત દેખાઓ છો પરન્તુ અંતરમાં પરિગ્રહથી રંગાયેલ તમારી વૃત્તિ હજુ સર્વથા મુક્ત નથી. જેમ તેલ ભરેલી તપેલીને ગમે તેટલી સાફ-સુફ કરીએ છતાં થોડી ચીકાશ એને ચોંટી રહે છે. તેમ તમે બધો પરિગ્રહ, માલ-મિલ્કત ને ધન-સંપત્તિ, છોડવા છતાં હજુ તમારા દિલમાં એવી વૃત્તિ ડોકીયું કરી રહી છે કે કદાચ છોકરાંઓ બધી સોંપેલી સંપત્તિ અને આપેલું ધન નહિ સાચવે? ઉડાવી દેશે? ફના ફાતિયા કરશે? તો પછી મારી કરી કમાણી...? આવી પરિગ્રહ પાછળની રજમાત્ર પણ વૃત્તિ જ્યાં સુધી તમારા દિલ-દિમાગમાં વસે છે ત્યાં સુધી તમે પરિગ્રહ પૂરો ત્યાગ્યો નથી. તો પછી તમને શાંતિ-સમતા સચ્ચિદાનંદ કયાંથી પ્રાપ્ત થાય? માટે મહાનુભાવ ઘર-બાર, કુટુંબ-કબીલો ને ઝુંપડી પણ ત્યાગી અહિં મારી પાસે ભોંય-પથારી ને લુખી રોટી અનુભવવા આવી જાઓ.... તો પરિગ્રહ-વૃત્તિ સર્વથા દૂર થતાં શાંતિ, સમતા, સમભાવ, નિર્લેપતા, નિર્મમત્વ, અને આખરે સચ્ચિદાનંદ-આત્મિક આનંદ પ્રાપ્ત થશે. મહાનુભાવ, પરિગ્રહ ત્યાગવો એટલે બહારથી દેખાવમાં છોડવો એમ નહિ પરન્તુ સર્વથા મનથી અંતરથી પણ મુક્ત થવું...' પૂરૂં કરતાં મુનિશ્રી ધનંજય શેઠના બહિરંતર ભાવો નિહાળી રહ્યા. અને ધનંજય શેઠ આંખમાં અશ્રુ સાથે ઉભા થયા અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગદગદ કંઠે કહી રહ્યા-'ધન્ય ગુરુદેવ, તમે આજે મને સાચુ ભાન કરાવ્યુ બધું છોડવા છતા જ્યારે જ્યારે આસક્તિ અડપલું કમીં કરતી હતી હવે પૂજ્યશ્રી, આપના પાસે જ દીક્ષા લઇ અનાસક્તને અપરિગ્રહી બનવા પ્રયત્ન કરીશ અને શેઠ સંકલ્પ કરી ઘર તરફ ગયા."

પંડિતજીએ દૃષ્ટાન્ત પૂરું કરતાં અમને સાર સમજાવતાં કહ્યું-"માટે, મિત્રો, આપણે સંસારી વ્યવહાર ડૂબ્યા જીવડા કદાચ પરિગ્રહનો સર્વથા ત્યાગ ન કરી શકીએ તો છેવટ પરિગ્રહતો પરિમિત કરીએ-ખાસ જરૂરીયાત પૂરતો જ રાખીએ તો શાંતિ-સમતા ને મુક્તિની વાટ આપણને આખરે સાંપડશે જ. માનવી સમજે વિચારે તો એના જીવનની જરૂરીયાતો ઘણીજ વૃત્તિજ જરૂરીયાતો વધારી દે છે. આ છે અપરિગ્રહવાદ જૈન દર્શનનો સાચો સામ્યવાદ છે એ પ્રભુ મહાવીરનો. આજનાં યુગનો કહેવાતો સામ્યવાદ ચીન-રશિયાનો સામ્યવાદ દુનિયાને કદી સુખી નહિ કરે, ઉલટો વિખવાદ, વેર-ઝેર, મતભેદ-મનભેદ વધારશે અને જગતમાં અશાંતિ અસમાનતા વધશે. માટે જ આજે જગતના ડાહ્યા પુરુષો ભગવાન મહાવીરના અપરિગ્રહને ઝંખી રહ્યા છે." પંડિતજીનો વાણી પ્રવાહઅટકતાં 'અપરિગ્રહ'ના અણુવ્રતની સાચી સમજણ અમને લાધી અને એ દિશામાં આગળ વધવા અમે સંકલ્પ કર્યો કે આવી રહેલ પર્વાધિરાજ પર્યુષણના પર્વ-દિનોમાં મન-વચન ને પરિગ્રહને પરિમિત કરીએ.

## "શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ" પાલિતાણા

[ હેડ ઓફીસ : અમદાવાદ     શાખા : પાલિતાણા ]

શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ અમદાવાદની શાખા-પાલિતાણા ખાતે, શ્રી સિદ્ધક્ષેત્ર તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજની પવિત્ર છાયામાં બિરાજમાન પૂ. સાધુ-સાધ્વીજી મહારાજોને જરૂરી સગવડોની સુવિધાઓ કરી આપી સેવા ભક્તિનો લાભ લઈ રહેલ છે. બે વર્ષથી 'શ્રમણ વૈયાવચ્ચ'નું ઉપરનું કામ વ્યસ્થિત ચાલુ છે. જેમા દવા વગેરે દરેક પ્રકારની સુવિધા આપવામાં આવે છે. હાલ માસિક પંદરસો રૂપિયાનો ખર્ચ આવે છે.

સર્વે સાધર્મિક ભાઇ-બહેનોને પૂ. સાધુ-સાધ્વીજી-મહારાજોની યોગ્ય રીતે વ્યવસ્થિત અને સમયસર વૈયાવચ્ચ દ્વારા સેવા-ભક્તિનો લાભ મળે એ માટે આ સંસ્થાને યોગ્ય સહકાર આપવા વિનતી કરીએ છીએ. સહાય માટે મળેલી રકમની સત્તાવાર પહોંચ પાવતી આપવામાં આવે છે.

જરૂરી સલાહ સુચનો માટે સંસ્થાની ઓફિસની મુલાકાત અથવા પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

**શ્રી લાલભાઈ એલ. પરીખ**
સંચાલક
**શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ**
( હેડ-ઓફીસ )
પરીખ બિલ્ડીંગ-એલીસબ્રીજ
અમદાવાદ-૬.

લિ સેવકો
**શ્રી ડા. ભાઈલાલ એમ. બાવીશી**-પ્રમુખ
**શ્રી સોમચંદ ડી. શાહ**-મંત્રી
**શ્રી કપુરચંદ આર. વારૈયા**-સહમંત્રી
**શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ શાખા**
ઠે. મગન મોદીની ધર્મશાળા. **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય

## શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળાના પ્રકાશનો

(૧) અધ્યાત્મકલ્પદ્રુમ : આચાર્ય શ્રી મુનિ સુંદરસૂરિ મહારાજ
ભાષાંતર તથા વિવેચન કર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
છઠ્ઠી આવૃત્તિ * કિંમત રૂા. ૮-૦૦ * ટપાલ ખર્ચ અલગ

(૨) જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
ત્રીજી આવૃત્તિ * કિંમત રૂા. ૪-૦૦ * ટપાલ ખર્ચ અલગ

(૩) શ્રી આનંદઘનજીનાં પદો : ભાગ પહેલો : અપ્રાપ્ય
વિવેચન કર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

(૪) આનંદઘન-ચોવીશી : વિવેચન કર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
કિંમત રૂા ૮-૦૦ * ટપાલ ખર્ચ અલગ

(૫) શ્રી આનંદઘનજીનાં પદો : ભાગ બીજો
વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ
કિંમત રૂા. ૧૦-૦૦ * ટપાલ ખર્ચ અલગ

卐

## જૈન આગમ ગ્રંથમાળાના ત્રણ વિશિષ્ટ પ્રકાશનો

(१) ग्रन्थांक १ : नंदिसुत्तं अणुओगद्दाराइं च
પૃષ્ઠ સંખ્યા ૭૬૨ * કિંમત ચાલીસ રૂપિયા

(२) ग्रंथांक ९, भाग १ : पण्णवणासुत्तं
પૃષ્ઠ સંખ્યા ૫૦૨ * કિંમત ત્રીસ રૂપિયા

(३) ग्रंथांक ९, भाग २ : पण्णवणासुत्तं
પૃષ્ઠ સંખ્યા ૬૩૨ * કિંમત ચાલીસ રૂપિયા

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬
શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી બસ સ્ટેન્ડ સામે, અમદાવાદ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણાપર્વ

લખક :- ડૉ. વલ્લભદાસ મહેતા-મોરબી.

મહાન આત્મશુદ્ધિના આ પર્વમાં, અધ્યાત્મ રસિકતા કેટલી વધે છે અને આત્મકલ્યાણ પ્રત્યેની પ્રગતિ કેટલી આગળ વધે છે. એને તોલ કરવાની ખાસ જરૂર છે. વ્રત-નિયમ- જપ-તપ ઉપવાસ આદિની પ્રવૃત્તિઓ હરેક સ્થળે સારા પ્રમાણમાં આરાધાય છે. પણ તેમાં તેનું આંતરિક લક્ષ બહુ અલ્પ જોવામાં આવે છે. બહુધા દેખાદેખી અને કાંઇ ન કહીએ તો જૈન તરિકે લજવાવું પડે એજ આશય મુખ્યત્વે જોઈ શકાય. બાકીતો આ મહાન પર્વાધિરાજ પર્યુષણ પર્વનો સમય એ તો આત્માને ઉજ્જવળ સ્થિતિ એ લઇ જવામાં અને સ્વ-સ્વરૂપનું ભાન કરાવવા માટેનો અણમોલ સમય છે. કયાં આપણા ઉપવાસ અને કયાં આપણી ક્ષમાપના. ખરી રીતે આત્માની સમીપે વસવું એટલે કે સઘળી બાહ્ય અને સાવધ પ્રવૃતિઓ ત્યાગી જે દિવસે ઉપવાસ હોય તે દિવસે આંતરિક નિરીક્ષણ કરવાને બદલે, નકામો વખત વેડફી નાંખી, દિવસ પૂર્ણ કરવો ઇતિ કર્તવ્યતા અને ઉપવાસ કર્યાનો સંતોષ અનુભવાય છે. કયાં મહાવીર પ્રભુની નિસ્પૃહ વૃતિ અને કેવા સખત અભિગ્રહવાળા તેમના ઉપવાસ. અને તેવી સ્થિતિમાં પણ ખમવા પડેલા અનેક પ્રાણાંત ઉપસર્ગો છતાં પણ મનની અને આત્માની શાંતિમાં જરાપણ ખલેલ નહીં. ફકત એકજ લક્ષ્ય અને તે પણ આત્માનુંજ.

આપણા અત્યારના એક, બે, ત્રણ, આઠ, પંદર અગર માસખણો જુઓ તો સ્થિતિ તો જે હતી તેની તેજ રહે છે. જરાપણ આગળ વધવાનું પ્રાયે જોવામાં આવતું નથી. આજ પર્વના દિવસોમાં ક્ષમાપનાને બદલે જુના વૈરો અને આંતરિક કલેશો જાગ્રત થાય છે. અને દ્વેષભાવ વધારે છે. ઉપર ઉપરથી ક્ષમાપનાના બાહ્ય ભાવો ભજવી બતાવાય છે. અસ્તુ આ બાબતમાં ઘણા સુધારાને અને સાચી સમજણને અવકાશ છે ઉપદેશકોનું એ ખાસ કર્તવ્ય છે. કે અનુયાયીઓને અંધ ભકત બનાવવા કરતાં આત્માની સાચી સમજણ માટે સાચી સમજણ મળે તેવો ઉપદેશ કરે પણ

બંધેરુ બંધા મીલે, છુટે કોન ઉપાય કર સેવા નિર્ગ્રંથકી

તો ઝટપડ દીયે છુડાય". એના જેવું છે.

દ્રવ્યાનુંયોગનો વિષય આત્મ સાધનને માટે તેમજ સ્વરૂપ પ્રાપ્તી ને માટે જેટલો ઉપયોગી છે, તેટલો જ કઠીન છે. ભલ ભલા વિદ્વાનો અને મહાનુભાવોનો તેમાં સાચુ પ્રવેશ પણ થઇ શકે તેમ નથી. ખૂબ ખૂબ વાંચી ખૂબ ખૂબ વિચારવા છતાં પણ ગુરૂગમ વિના તે વિષય સહેલાઇથી સમજી શકાય તેમ નથી.

પર્યુષણ આરાધનાઃ-

પર્યુષણના આઠે દિવસ નીચે દર્શાવેલ કાર્યક્રમ રાખવો એકાંત સ્થળમાં, પ્રભાતેઃ-

(૧) દેવગુરૂની ઉત્કૃષ્ઠ ભાકતવૃતિ એ અંતરાત્મ ધ્યાન પૂર્વક બે ઘડી થી ચાર ઘડી સુધી ઉપશાંત વ્રત.

(૨) સૂત્રોનું અધ્યયન, શ્રવણ મધ્યાહ્નને કરવું. (૧) ચાર ઘડી ઉપશાંત વ્રત (૨) 'કર્મગ્રંથનું' અધ્યન શ્રવણ. સદ્ગ્રંથો આદિનું વાચન કરવું. સાયકાળે. (૨) ક્ષમાપનાનો પાઠ (૩) બે ઘડી ઉપશાંત વ્રત (૩) કર્મ વિષય ચર્ચા.

રાત્રી ભોજન સર્વ પ્રકારનાનો સર્વથા ત્યાગ બને તો ભાદ્રપદ પૂર્ણિમા સુધી એક વખતઆહાર ગ્રહણ. સંવત્સરી ના દિવસે ઘી, દૂધ, તેલ, દહી, નો પણ ત્યાગ. ઉપશાંત વ્રતમાં વિશેષ કાળ નિર્ગમન. બને તો ઉપવાસ ગ્રહણ કરવો લીલોતરી સર્વથા ત્યાગ. બ્રહ્મચર્ય આઠે દિવસ પાળવુ, બને તે ભાદ્રપદ પુનમ સુધી.



For Private And Personal Use Only

# ધી માસ્ટર સિલ્ક મિલ્સ પ્રાઇવેટ લિ.

## ભાવનગર

સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની સુંદર, આકર્ષક અને રંગબેરંગી જાતો

- ટેરીવીસ્કોસ શર્ટીંગ
- ટેરીવીસ્કોસ સાડી
- ટાફેટા
- બ્રોકેડ
- ગોલ્ડસીલ્વર
- સાટીન પ્યાસ
- પરમેટા
- એસોર્ટેડ સાટીન ફ્લાવર વગેરે.

**માસ્ટર ફેબ્રીકસ વાપરો**

**તે વાપરવામાં ટકાઉ છે**

માસ્ટર મીલની ઉપરની બધી જાતો માસ્ટર મીલની રીટેઇલ શોપમાંથી મળશે

સ્થળ :— માસ્ટર મીલ પાસે માસ્ટર મીલ રીટેઈલ શોપ

: મેનેજીંગ ડીરેક્ટર :

**રમણીકલાલ ભોગીલાલ શાહ**

તાર : MASTERMILL ફોન : ૩૨૪૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તૃષ્ણા અને તૃપ્તિ

લે. ઓંકારશ્રીજી

જગતની અંદર જ્ઞાનીઓએ અનંતી વસ્તુઓ ઘણી કથન કરેલી છે તેમાં કેટલીક વસ્તુઓ આત્માનું પોષણ કરનારી છે, જ્યારે કેટલીક વસ્તુઓ આત્માનું શોષણ કરનારી છે. અનંત જ્ઞાન અનંત દર્શન, અનંત ચારિત્ર એ આત્માને મુક્તિના દ્વાર છે; જયારે અનંતી ક્ષુધા. અનંતી તૃષ્ણા આત્માનું શોષણ કરે છે, નરકાવલિ દેખાડે છે.

તૃષ્ણા સમુદ્રના જેવી અતિગંભીર અને અગાધ હોય છે, જેમ સાગરનો પાર પામવો દુષ્કર છે, તેમ તૃષ્ણાનો અંત આણવો અતિ દુષ્કર છે. તૃષ્ણા એ એક જાતનો મનનો પરિગ્રહ છે. પ્રાણી મત્ર વિચારો મિનારાઓ દ્વારા અનેક પ્રકારની ઈચ્છાઓ રચે છે, પરંતુ તે મિનારાઓના મનોરથો કયારેક જ પૂર્ણ થાય છે. છતાં જીવ મનથી ઉપાર્જન કરેલી તૃષ્ણાઓ દ્વારા અનેક પ્રકારના કર્મબંધનો ઉપાર્જન કરે છે.

જગતની લીલી હરીયાળી પૃથ્વી ઉપર રાજગૃહી નામની ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ચાર પુરૂષાર્થથી સમૃદ્ધશાલિની નગરી હતી. તે નગરીમાં ચારે વર્ણના લોકો પોતાના જીવનમાં સંતોષ, શાંતિ સમતાનો ત્રિવેણી સંગમ સાધીને સુખ પૂર્વક રહેતા હતા.

યથા રજા તથા પ્રજા' એ પ્રમાણે રાજા સ્વયં પોતાના કાર્યમાં રત રહે. ન્યાય નીતિથી રાજ્યનું પાલન કરતો હતો. એટલે પ્રજામાં પણ પોતાની ફરજનું પાલન કરવાના સંસ્કાર સિંચાયા હતા.

આ સમૃદ્ધિશાલીની નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. રાજા શ્રેણિકને ધર્માનુરાગિણી પતિવ્રતા શીલાલંકારથી સુશોભિત ચેલ્લણા નામે રાણી હતી રાણી ચેલ્લણા હમેંશા ગુણાનુરાગિણી હતી. રાણી ચેલ્લણા ગર્ભવતી થાય છે, ત્યારે તેના મનમાં અશુભ દોહલો પ્રાદુર્ભાવ થાય છે. તે દોહલાને અનુસારે રાણી હમેંશ ચિંતાતુર રહે છે. અને તેથી તેના દેહનું પોષણ ને બદલે શોષણ થાય છે. એક વખત રાજા પોતાની અતિપ્રિય પટરાણી ચેલ્લણાને પ્રશ્ન કરે છે કે 'રાણી, તમો હમણાં ઘણાં ચિંતાતુર દેખાવ છો, તેનું શું કારણ? જે કાંઈ પણ કારણ હોયતે વિના સંકોચે જણાવો;

રાણી મનમાં મૂંઝાય છે. આ મૂંઝવણ વાણીથી અનિર્વચનીય છે. કથન કરવી નિરર્થક છે પરંતુ જયારે કોઈ પણ માનવી બીજાના દુખને અંતરથી દૂર કરવા ઈચ્છે છે, તથા લાગણીના પ્રવાહથી, પ્રેમના આવેશથી જયારે બીજાને પૂછે છે. ત્યારે અન્ય વ્યક્તિ પોતાના મનના ભાવો ઈચ્છાએ યા અનિચ્છાએ વ્યકત કરે છે. રાણીએ પણ રાજાની લાગણીથી વિવશ બનીને પોતાના મનમાં ઉદ્‌ભવેલો દોહલો રાજાની આગળ કહ્યો. રાજાએ તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાંભળીને કહ્યું કે 'પાચસો મંત્રીઓનો સ્વામી બુદ્ધિનિધાન અભયકુમાર તેનો ઉપાય કરશે. દેવી! તમે જરા પણ ચિંતા ન કરો'. જીવનમાં પ્રાદુર્ભૂત થયેલી ઈચ્છાઓ, તૃષ્ણાઓ જયાં સુધી પૂર્ણ થતી નથી, ત્યાં સુધી પ્રાણીમાત્ર ચિંતિત હોય છે. શરીરની શકિતઓ ક્ષીણ થાય છે. મન દીન બને છે. અભયકુમાર દોહલો પૂર્ણ કરે છે.

અનુક્રમે ગર્ભ પાલનનો સમય પરિપૂર્ણ થતા રાણી ચેલ્લણા પુત્રને જન્મ આપે છે. દુનિયામાં સંતાનનો જન્મ આપનાર માતાને જે આનંદ હોય છે, તે અકથનીય, અપરિમિત હોય છે. પરંતુ જયારે તે સંતાન સંતાપને કરનાર બને છે, ત્યારે માતાનું દુખ અપરિમિત બની જાય છે. રાણી ચેલ્લણા પણ દોહલાને અનુસાર જાણતી હતી કે આ પુત્ર પિતાનો ઘાતક થશે, પરંતુ આરાધક નહિ બને. આ કારણથી જન્મ થતાંની સાથે તેણે તે પુત્રનો ત્યાગ એને જંગલમાં મુકાવી દીધો. જયારે રાજાને ખબર પડી કે રાણીએ પુત્રને જંગલમાં છોડી દીધો છે. તો રાજા સ્વયં જંગલમાં જઈ વૃક્ષની નીચે તરછોડાયેલો, કુકડાથી જેનો અંગુઠો ખવાઇ ગયો છે. તેવા પુત્રને પોતાના આવાસમાં લાવે છે. આ બાલ પુત્રની આંગળી કુકડાએ ખાધેલી હોવાથી તેનું નામ કોણિક પાડયું. કોણિકની ખવાય ગયેલી આંગળીમાં રસી થઇ ગઈ હતી, અને તેથી એને પીડા થતી હતી. એ પીડાને દૂર કરવા એ આંગળીને રાજા પોતાના મોઢામાં રાખતા હતા જયારે આંગળી રાજા મોઢામા નાખતા ત્યારે કોણિક શાંત રહેતો. ખરેખર! સંસારની મહોદશા કેવા પ્રકારની છે? પ્રાણી માત્ર આ સંસારની મોહજાળમાં કેવા ફસાયેલા છે? જે સંતાન ભવિષ્યમાં સંતાપ કરનારૂ છે. એવા પુત્ર તરફ પણ પિતાનો કેવો વાત્સલ્યભાવ છે.

કોણિક અનુક્રમે યુવાવસ્થામાં આવે છે. તેના જીવનમાં તૃષ્ણાનો પાર નથી. તૃષ્ણાથી તૃપ્ત બનેલા આત્માને જીવનમાં કયાંય શાંતિ હોતી નથી. જેમ અગ્નિમાં ગમે તેટલા ઇંધન નાખીએ છતાં પણ અગ્નિ શાંત થતો નથી, તેમ આત્મમાં જે જે ઇચ્છાઓ થાય છે. તે તે ઇચ્છાઓ પૂર્ણ થાય છે તેમ તેમ ઈચ્છાનો અંત દૂર ને દૂર જતો જાય છે.

સમય જતાં કોણિકને રાજા થવાનું ગાંડપણ લાગ્યું. તૃષ્ણાએ તેનો પીછો છોડયો નહિ અંતે તૃષ્ણાને પરવશ બની તેણે કુલને કલંક લગાડનારૂં ગોઝારું કૃત્ય કર્યું. પોતાના પિતાને બંદીખાનામાં નાખ્યા; અરે, બંદીખાનામાં પૂરવાથી સંતોષ ન થયો, તે હમેંશા કોરડાના માર મરાવવા લાગ્યો અને ખાવાનું આપવાનું પણ બંધ કરાવ્યું

પુત્રની તૃષ્ણાનો અંત નથી, ત્યારે પિતાની તૃપ્તિનો અંત નથી. પિતા શ્રેણિકે પ્રભુ વીરના નામસ્મરણથી આત્માને વીર બનાવ્યો હતો. જીવનમાં આવતા સંયોગ અને વિયોગ વચ્ચે મધ્યસ્થભાવે ઊભા રહેવાનું સામર્થ્ય એણે કેળવ્યું હતું. જયારે કેદી બનેલા રાજા શ્રેણિકને કોરડા મારવા માટે નોકરો આવે છે. ત્યારે એ કહે છે; ભાઇ! તુ મને કોરડા એવી રીતે મારજે કે જેથી તને જરા પણ દુખ થાય નહિ. મને કોઈ જાતની પ્રતિકૂળતા નથી. તને જેમ અનુકૂળતા પડે તેમ કર! આ છે. જીવનમાં કરેલી સાચી અરિહંતની આરાધના, ઉપાસના શુશ્રૂષાનુ ફળ, જીવનમાં ગમે તેટલી આરાધના કરીએ, પણ આવા કટોકટીના પ્રસંગમાં ક્ષમા, શાંતિ, ધીરતા રહે તે જ ખરી આરાધના કરી છે એમ કહેવાય. જીવનમાં હમેંશા આરાધક બનવુ, પણ કદી વિરાધક બનવું નહિ

એક વખત રાજા કોણિક પોતાના પુત્રને અંકમાં બેસાડી ભોજન કરી રહ્યો હતો પેતાની પત્ની તથા માતા સામે બેઠાં છે, ત્યારે કોણિકનો પુત્ર પેશાબ કરે છે, તે પેશાબ રાજાના ભોજનની થાળીમાં પડે છે. રાજા પત્ની અને માતાની સન્મુખ દૃષ્ટિ કરીને કહેછે, કે જોયું, મારો પુત્ર ઉપર કેટલો બધો પ્રેમ છે! ત્યારે તેની માતાને ભૂતકાળનું સ્મરણ થતાં એની આંખોમાં ઝળઝળિયા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી જાય છે. અને પુત્રને ભૂતકાળ સંભળાવે છે. રાજમાતા ચેલ્લણા કહે છે કે હે પુત્ર! આવો પિતા જગતમાં નહિ મળે. આ સાંભળી કોણિક પોતાની જાતને ધિક્કારે છે. ખરેખ ! મને ધિક્કાર થાઓ. જીવનમાં ઊઠેલીએ તૃષ્ણાએ મારા જીવનને કલંકિત કર્યું તૃષ્ણા અનંતી છે. તેનો ક્યારે પણ અંત થતો નથી. મારા જીવનમાં જેમ અપાર તૃષ્ણાએ વાસ કર્યો છે. તેમ મારા પિતાના જીવનમાં અપાર તૃપ્તિનો વાસ છે. તૃષ્ણા એ રાગનું પોષણ કરનાર છે. તૃપ્તિ ત્યાગનું પોષણ કરનાર છે. કોણિક ભોજન કરતાં ઊઠીને પોતાના પિતાને મુકત કરવા માટે જાય છે. ત્યારે રાજા કોણિકના મનમાં એવી લાગણી થઇ આવી કે મારો પુત્ર મને મારી નાખવા આવે છે, તો હુ મારા હાથે જ મરી જઉં તે વધારે ઉત્તમ છે. પુત્ર મારી નાખે તો લોકમાં કલંકિત બને, કર્મ બંધન થાય; તે કરતાં હું મારી જાતે જ મરી જઉં. એમ વિચારી રાજા મનમાં સમભાવ ધારણ કરી, શત્રુ મિત્રને ખમાવી, ભગવાન વીરનું સ્મરણ કરી હીરો ચૂસી મૃત્યુની શય્યા ઉપર પેઢી જાય છે. પુત્ર કપુત થાય છે પણ માતા કુમાતા થાય નહિ. કોણિક જાય છે, ત્યારે પિતાને મૃત્યુ પામેલા જોઈ મનમાં અત્યંત દુઃખી થાય છે, પોતાની જાતને ધિક્કારે છે. અને પિતાની શ્લાઘા કરે છે. પિતાની આ તૃપ્તિ અને પુત્રની આતૃષ્ણાનું મૂલ્યાંકન ક્યારે પણ થઈ શકે ખરું ?

તૃષ્ણા એ વિષ છે, તૃપ્તિ અમૃત છે. તૃષ્ણા દાહક છે, તૃપ્તિ શારક છે.'

ઓંકારશ્રીજી મહારાજના
શિષ્યા જયંતપ્રભાશ્રીજી


# શ્રી ઈડર પાંજરાપોળ સંસ્થાને મદદ કરો

**અહિંસાના અવતાર મહાનુભાવો :**

સવિનય વિનંતી કે : ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં ઈડર પાંજરાપોળ સંવત ૧૯૭૫ની સાલમાં શ્રીમદ્ જૈન આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધીસુરીશ્વરજી મહારાજશ્રીના સદ્ ઉપદેશથી સ્થપાયેલ છે. આ સંસ્થા સરકાર માન્ય તેમજ પબ્લીક ટ્રસ્ટ નીચે રજીસ્ટર થયેલ છે. સંસ્થામાં હાલ ૫૦૦ ઉપરાંત જાનવરો છે. અબોલ મુંગા જીવોના નિભાવ માટે કાયમી કંઈ ફંડ નથી. ફક્ત દાનવીરોની છુટી છવાઇ મદદ ઉપર જ આ સંસ્થાનો મુખ્યત્વે નિભાવ થાય છે. આપને વિનંતી છે કે, આપ કરૂણાભાવથી પ્રેરાઇ આ સંસ્થાને ઉદાર હાથે રોકડ, ઘાસ, કપાસીયા અને અન્ય મદદ મોકલી આ અસહ્ય મોંઘવારીના સમયમાં મુંગા જીવોના નિભાવમાં સહાય કરશો અને પુણ્ય ઉપાર્જીત કરશો તેવી અભ્યર્થના.

મદદ મોકલવાનું ઠેકાણું :
**શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા,**
જુના બજાર
ઇડર. જી. સાબરકાંઠા

**બાબુલાલ ડી. સુખડીયા**
માનદ્ વહીવટદાર
માનદ્ વહીવટદાર
ઈડર પાંજરાપોળ સંસ્થા




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઈફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે....................

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયરપ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફ્યુઝ હેન્ડ કાર્ટ્સ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે....................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઈવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૮૩૬૧/૬૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઇ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ત્યાગ

લેખક :-ઝવેરભાઇ બી. શેઠ બી એ

સ્વેચ્છાથી તજવું તેનુ નામ ત્યાગ. ત્યાગ વિના વૈરાગ ટકે નહીં. વૈરાગ વિના વીતરાગ થવાય નહિં. વીતરાગ થવું હોય તો તેનો પાયો ત્યાગ છે. અને એટલેજ ત્યાગને જૈન ધર્મમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પાયા વિના ચણતર થાય નહીં-ટકે નહી

માત્ર જૈન ધર્મમાં જ નહી પરંતુ પ્રત્યેક ધર્મમાં ત્યાગનો મહિમા મોટો બતવવામાં આવ્યો છે, પરંતુ ત્યાગનો-ત્યાગ ભાવનાનો અમલ કરવામાં જૈન ધર્મ મોખરે છે એમ કહીએ તો અતિશયોકિત નહીં ગણાય.

આપણાં સાધુ-સાધ્વીગણના ત્યાગમય જીવન તરફ દષ્ટિપાત કરવામાં આવશેતો તેની પ્રતિતિ થશે

થોડા સમય પહેલા એક મહારાજ સાહેબ તેના પંથના અનુયાયીઓના ગામમાં જઈ ચડ્યા. એ લોકોની માન્યતા એવી હતી કે શ્વેતાંબર પંથના સાધુને આશ્રય આપવો કે તેમને કોઇપણ પ્રકારની સુવિધા આપવી તે પાપ છે. તેથી તેમને કોઇએ ઉપાશ્રયમાં કે અન્યત્ર પેસવા દીધા નહીં મહારાજ સાહેબ તો મહાન તપસ્વી, ત્યાગી, તેજસ્વી, અને શાંતમૂર્તિ હતા. તેમણે કોઈ ઉપર ક્રોધ ન કર્યો. એક શબ્દ ઉચ્ચાર્યો નહિં અનસન લઇને ધોમ-ધખતા તાપમાં તેઓ તો બેસી ગયા. માનધારીને નવકારમંત્ર જપવા લાગ્યા. બે કલાક એ રીતે જ વીતી ગયા. પરસેવે તેઓ રેબઝેબ થઇ ગયા. કાયા તાપમાં તપીને તાંબા જેવી લાલ થઇ ગઇ. પરંતુ તેમના મનની સમતુલા-શાંતિ વધી.

આ રીતે પરેશાન થઇને તપ તપતા આ મહારાજ સાહેબની અસર ઈતર ધર્મીઓ પર થઈ. તેઓ મહારાજ સાહેબ પાસે જઇને હાથ જોડીને બોલ્યા,

'પૂજય ગુરૂદેવ! અમે જૈન ધર્મ પાળતા નથી. અહીંના તેરાપંથી ભાઇઓ કદાચ તમને આશ્રય આપવા ન માગતા હોય તો વાંધો નહિ અમે તમને આશ્રય આપવા અને તમારી સઘળી સગવડ સાચવવા તૈયાર છીએ. માટે આપ અમારે ત્યાં પધારો. આપને વિના કારણ પડતું આ કષ્ટ અમારાથી જોઈ શકાતું નથી'.

એ સમયે મહારાજ સાહેબે પ્રત્યુત્તર આપ્યો, આપને ત્યાં આવાવામાં મને વાંધો નથી પરંતુ તેમ કરવાથી જૈન ભાઈઓનું (ભલે તેઓ તેરાપંથી હોય ) લોકદૃષ્ટિએ ખરાબ દેખાશે. માટે મને માફ કરો અને મને મારા ધ્યાનમાં લીન બનવા દો.

આ ઉત્તર સાંભળીને તેઓ સૌ સજ્જનો જતા રહ્યાં અને તેરાપંથીના આગેવાન સમક્ષ બનેલી હકીકત જાહેર કરી. પરંતુ તેમણે તેમના વલણમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જરા પણ ફેર દર્શાવ્યો નહિ. પરંતુ યુવાનોને એમ લાગ્યું કે કંઇક ખોટું થઇ રહ્યું છે. ઈતર ધર્મીઓ જો મહારાજ સાહેબને આવકારે છે તો આપણે શા માટે નહિ? વળી આપણું સમાજમાં હલકું ન દેખાય તેટલા ખાતર તેઓએ ઈતરધર્મીઓની વિનંતિ સ્વીકારી નહિ.

યુવાનો ઉપડયા મહારાજ સાહેબ પાસે અને તેમને પોતાના ઉપાશ્રયમાં સ્થાન આપ્યું. તેમને માટે ગરમ પાણી કરીને વહોરાવવા માટે સ્ત્રીઓ તૈયાર નહોતી. તેમણે સમાજના આબાલવૃદ્ધને ઉપાશ્રયમાં આવીને પોતાની વાણી સાંભળવા બોલાવ્યા.

તેમની વાણીના અસ્ખલિત, પુનિત પ્રવાહમાં સૌને નવરાવ્યા–રસતરબોળ કરી નાખ્યા. એકાદ અઠવાડીયામાં તો તેમણે એવી જાદૂઇ અસર કરી કે તેરાપંથી અને ઇતર ધર્મના પ્રજાજનો મહારાજ સાહેબને ભગવાન સ્વરૂપ માનવા લાગ્યા લોકોની ગેરસમજ દૂર થઇ ગઈ.

આ સઘળો પ્રભાવ મહારાજ સાહેબની ત્યાગ ભાવના અને સમતાભાવનો હતો. મહારાજ સાહેબની ત્યાગ ભાવનાથી ઈતર ધર્મીઓ પ્રભાવિત થયા અને તેમને પોતાને પધારવા વિનંતિ કરવા ગયા. તેઓ સમજતા હતા કે અન્ય સાધુઓની માફક આ સાધુ મહારાજ ત્રાગુ કરતા નથી. કોઇ ચીજ કે પૈસાની માગણી કરતા નથી. તેમની ભાવના તો અન્યનું ભલું કરવાની – બીજાના આત્મોદ્ધારની છે.

વિજ્ઞાનના આ ઝડપી યુગમાં લોકોએ પૈસાની પાછળ આંધળી દોટ મૂકી છે લક્ષ્મીના ઉપાર્જન માટે તે ટાઢ, તડકો, વરસાદ, રાત કે દિવસ જોતો નથી. પાપ કે પુણ્યની કોઈ તેણે ભેદરેખા રાખી નથી. યેનકેન પ્રકારે પૈસો પ્રાપ્તકરવો તે તેની નેમ છે. જ્યાં પૈસો મેળવવાની આટલી બધી તૃષ્ણા, ભૂખ, તાલાવેલી હોય ત્યાં ત્યાગ ભાવના ઊભી જ શાની રહે? એક મ્યાનમાં બે તલવાર સમાય ખરી?

કાળાબજાર કરીને. સાચુંજુઠું કરીને, દાણચોરીનો વેપાર કરીને લોકો લખલૂટ ધન કમાય છે ખરા. પરંતુ તેમના જીવને શાંતિ નથી હોતી તેને ખબર નથી કે એક દિવસ, તેણે જમા કરેલ આવા પ્રકારની સઘળી મૂડી છોડીને તેને યમદેવના સંકજામાં સપડાવું પડશે. ત્યારે તેને તે ધનનો–સમૃદ્ધિનો પરાણે ત્યાગ કર્યાનો રંજ હૃદયમાં રહી જશે. તેના આત્માને અતૃપ્ત રહેશે. કદાચ તેને અતૃપ્ત આત્માં તરીકે જ્યાં ત્યાં ભટકવું પણ પડે.

ત્યારે શાંતિ–સુખ–આનંદ કોને? ત્યાગીને.

એકદા એક ગામડામાં એક વ્યાખ્યાનકાર આવેલા ભગવાનની આરતીનો ચડાવો થતો હતો. એક ઘરડા માજી હતા. તેની પાસે ખાસ મુડી નહોતી. બહારગામ નોકરી કરતો તેનો પુત્ર દર-મહિને પૈસા મોકલતો અને માજી પોતાનો ગુજારો કરતા. તે દિવસે ભગવાનની આરતીનો ચડાવો ઘણો વધારે થયો. માજીએ દૃઢ નિશ્ચય કરેલો કે આજે તો ભગવાનની આરતી મારે જ ઉતારવી. તેમણે તેમનું પોતાની માલિકીનું ઘર આરતીમાં અર્પણ કરી દીધું. આરતીમાં પોતાનું સર્વસ્વ ત્યાગી દેનાર માજીને લોકોએ મુરખ ગણ્યાં પરંતુ ભગવાનને ખાતર સ્વેચ્છાથી સર્વસ્વ ત્યાગ કર્યાનો માજીને અલૌકિક આનંદ પ્રાપ્ત થયો હતો અન્યને ખાતર, શુભ કાર્ય માટે જે માનવી યત્કિંચીત પણ ત્યાગ કરે છે તેને આત્માનો આનંદ જીવનના સુખ અને શાંતિ મળે છે લૌકિક અને પાર-લૌકિક પ્રગતિ માટે ત્યાગ અનિવાર્ય છે. પર્યુષણ પર્વમાં સહુ કોઈ ત્યાગનો મહિમા સમજે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંયમ–સાધના

: લેખક :

અમરચંદ માવજી શાહ

તળાજા

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवावी तं नमंसंति, जस्से धम्मे सया मणो ॥

દશવૈકાલિક સૂત્ર.

ભગવાન શ્રી મહાવીર સ્વામીએ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે આખી દ્વાદશાંગીનો સાર આ એક શ્લોકમાં આપી. હથેળીમાં મોક્ષમાર્ગનું મંગળ દર્શન કરાવ્યું છે. સુષ્ટિજ્ઞાન દર્શાવું છે.

કહેવું પણ કરવું નહિ, નહિં સમજ્યા કંઈ સાર,
વિના પરિશ્રમ શ્રુતનો, ફોગટ ઉપાડયો ભાર.

—અમર

આપણે હજારો શાસ્ત્રો વાંચીએ, મોટા બિરૂદો ધારણ કરી, વિદ્વાન ગણાઈએ, પરંતુ તે મુજબનું જો જીવન અને કવનની એકતા ન કરીએ તો એ બધો બોજો ઉપાડવા સમાન છે. કર્તવ્ય પાલન એ ધર્મ છે

ભગવાને બતાવ્યા મુજબનું જીવન–જીવવામાં આવે. અહિંસા, સંયમ, તપરૂપ ઉત્કૃષ્ટ ધર્મનું અંતર આત્મપણે નિત્ય સેવન કરવામાં આવે, તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ થઈ, અખંડ આનંદમય શુદ્ધ આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરી શકે.

ધર્મ એ બજારૂ વસ્તુ નથી, કે તે પૈસા આપીને ખરીદી શકાય. એ તો આત્માનો પોતાનો ધર્મ છે, પોતાના ઉપયોગમાં ધર્મ છે, પરંતુ જ્યાં સુધી મિથ્યાત્વ એટલે અવળી સમજણરૂપ અંધ અજ્ઞાન દશા હોય ત્યાં સુધી આ આત્મા સત્ય દર્શન પ્રાપ્ત કરી શકતો નથી. સ્વ. પરનું ભેદજ્ઞાન વિવેક એ સમ્યગ્દર્શન છે.

જ્યારે સમ્યક્ સમજણ થાય, પોતે કોણ અને આ બધું નાટક કોનું? અને શા માટે? એમ પોતાને અંતરમાં ભેદજ્ઞાન વડે સમજણ પડે અને જીવ–અજીવનું જીવની ચૈતન્યત્વ જડની જડતા એ બન્ને વચ્ચેનો તફાવત તેની સાથે કર્તાકર્મનો સંબંધ કેમ? અને શાથી? તેનો વિવેક પ્રગટે તો અને આશ્રવ-બંધનું કારણ સમજાય, એ આશ્રવ બંધથી નિવૃત્તિ શા પ્રકારે થાય? અને સંવર–નિર્જરા. કઇ રીતે થાય અને આશ્રવનો નિરોધ થાય અને તપથી નિર્જરા કેમ થાય? નિર્જરા થતા. આત્મ-પ્રદેશોને આવરણ કરી ભવ ભ્રમણામાં ચક્કર લગાવનાર એજ કર્મોનુ આત્મ પ્રદેશોથી ખરી જવું છુટા પડી જવું,–એટલે આત્મા બંધન મુક્ત થાય, એ અવસ્થા એજ મોક્ષ સ્વરૂપ આત્મસ્વાતંત્રતા દો ભગવાન મહાવીરના તત્ત્વજ્ઞાનનો આ નવતત્વમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપૂર્ણ સાર સમાવેશ પામે છે, એનો વિસ્તાર કરતા શાસ્ત્રો દ્વારા આપણને એ તત્વદષ્ટિ પ્રાપ્ત થાય છે-એને જ તત્વાર્થમાં तत्त्वार्थ श्रद्धानं सम्यगदर्शनम् કહ્યું છે, અને सम्यगदर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्ग છે અને તે પ્રાપ્ત કરવાનાં સાધનરૂપે અહિંસા-સંયમ અને તપ છે. એટલેજ ज्ञानस्य फलं विरति જ્ઞાનનું ફળ વિરતી કહ્યું છે

અહિંસા એટલે-છ કાય. જીવની રક્ષા અને પોતાના આત્માને એ પાપથી બચાવવો એ આત્મ રક્ષા, રૂપ ધર્મ એને જ ભગવાને अहिंसा परमो धर्म કહ્યો છે. એ અહિંસાના માટે જ અનેક શાસ્ત્રોની રચના થઈ છે, જયારે તમે સૌ જીવને અભયદાન આપશો, ત્યારે તમારો આત્મા અભય અક્ષયપદ પ્રાપ્ત કરી શકશે. જ્યાં સુધી અલ્પપણા હિંસાના ભાવોમાં આત્માનું પરિણુયન મોહ-રાગ દ્વેષથી થશે ત્યાં સુધી તમારું-ભવભ્રમણ ચાલુ જ રહેવાનું છે. એટલે उवओमो धम्मो ઉપયોગ એ ધર્મ ભગવાને જણાવ્યો, દરેક જીવન કાર્યમાં મન વચન કાયા એ યોગથી, કોઈ પણ જીવની હિંસા પ્રમાદથી ન થઈ જાય, તેનો ઉપયોગ રાખવો એ ધર્મ છે-આ બધો વિસ્તાર શાસ્ત્રોમાં દર્શાવ્યો છે તે આપણા જીવનને સંયમમય બનાવવા માટે છે-સંયમ હોય ત્યાં તપ હોય છે. એટલેજ સંયમની સાધના એજ કર્તવ્ય રૂપ છે જયાં સંયમ જીવનમાં આવ્યું, ત્યાં સમ્યક્ તપ શરૂ થઈજ જાય છે. સંયમ એટલે સંવર તપ એટલે નિર્જરા આમ જ કરવું એવો એકાંત સ્યાદ્વાદમાં નથી અનેકાંત અપેક્ષા સાચી છે એટલે નિવૃત્તિ કે પ્રવૃત્તિમાં ॐ ह्रीं अर्हं नमः નો જપ ઉપયોગ પૂર્વક અંતરમાં કરવાથી પણ તપ શરૂ થાય છે સવર-નિર્જરાનું કારણ થાય છે સંયમની સાધના જેમ જેમ બળવાન બનતી જાય છે તેમ નિર્જરા વિશેષ થતી જાય છે, નવો આશ્રવ ઓછો થતો જાય છે, પૂર્વકર્મના ઉદયની નિર્જરા સમયે સમયે ચાલુ રહે છે, આત્મા જેમ જેમ સંયમથી શુદ્ધ થતો જાય છે, તેમ તેમ તેનો પ્રકાશ અનંત જ્ઞાન અનંત દર્શન અનંત વીર્ય-અવ્યાબાધ સુખ એ કેવળ જ્ઞાનની ચરમ સ્થિતી છે. પરંતુ જેમ એક હીરાને પહેલ પાડતા જાઓ તેમ તેની કાંતિ પ્રગટતી જાય, સંપૂર્ણ પહેલ પાડો એટલે સંપૂર્ણ કાંતિ પ્રગટે, પણ મંદવીર્યથી, અલ્પ પુરૂષાર્થથી, દ્રવ્ય-ક્ષેત્ર કાળભાવની મર્યાદાથી, કદાચ થોડો થોડો પુરૂષાર્થ સંયમનો અંતરાગથી કરવામાં આવે. સાચી સમજણરૂપ-સમ્યકત્વથી શરૂઆત કરવામાં આવે, તો જેમ બીજનો ચંદ્ર વધતા વધતા પૂર્ણીમાએ સોળે કળાએ પ્રકાશે છે, તેમ આપણો આત્મા એક બે ત્રણ કે પંદર ભવે જરૂર એ પૂર્ણ સ્વરૂપને પ્રકાશીત કરી શકશે. પોતાની શુદ્ધતા એજ મોક્ષ છે, જયાં પછી દુઃખ નથી, દોષ નથી, પાપ નથી. જન્મ નથી, જન્મ નથી, મરણ નથી, આધિ નથી, વ્યાધિ નથી, ઉપાધી નથી, એવું શાશ્વત પદ પ્રાપ્ત કરવુ એજ આપણું પરમ કર્તવ્ય છે, પરમ ધર્મ છે.

ભગવાને સંયમ સત્તર પ્રકારનું જે દર્શાવ્યું છે, તેમાં આખી સાધનાનો અર્થ આવી જાય છે. એ મુજબનું નિત્ય જીવન ભલે ગ્રહસ્થજીવન પૂર્વ કર્મના ઉદયથી હોય, કે મુનિજીવન ભાગ્યયોગે હોય, પરંતુ બન્ને જીવનમાં આ સંયમની સાધના થઈ શકે છે. કદાચ ગ્રહસ્થ જીવનમાં અલ્પ વિરતી થાય મુનિ જીવનમાં સર્વ વિરતી થાય પરંતુ ભાવની અપેક્ષા મુજબ થાય છે અને આ કાળમાં અપ્રમત્ત સાતમા સુધી પહોંચી તેનો અમૃત સ્વાદ પ્રાપ્ત કરી શકે છે. પ્રમત્ત અવસ્થા અનાદિ કાળથી છે. તે જોકે એમ ઉતાવળથી બની શકે તેમ નથી, છતાં પુરૂષાર્થ એ વસ્તુની પ્રાપ્તી કરાવવા સમર્થ છે. પોતે-પોતા વડે પોતાથી-પોતામાં પોતા માટે -પોતા વડે સ્થીર થઈ, અંતરંગ વિચારી, આ સંયમ સાધના કરવાની છે

આ સંયમની સાધના સૌ કોઇ સાધક સાધ્ય લક્ષે પોતાની યોગ્યતા. સમય સંજોગ અનુસાર કરી શકે છે તેમા કોઇનો ઈજારો નથી. સવારનાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાગ્રત થઈ બે ઘડી પર્યંત. આ સ્થિતીને પ્રાપ્ત થયેલ અરિહંત-સિધ્ધ, ભગવંતોનું તેના શુધ્ધ સ્વરૂપનું સ્મરણ દર્શન કરી, એ પ્રકારની સાધના ગુરૂભગવંતોનું સ્મરણ કરી, આત્માને આ ભયંકર દુઃખ દાવાનળમાંથી બચાવવા માટે નિચે પ્રમાણે સંયમ પાળવાનાં ભાવો-મનમાં અંતરમાં-વિચારવા, અને તે મુજબ આખો દિવસ તેનો ઉપયોગ રાખવો.

૧ હું. કોઈ પણ જીવની હિંસા નહીં કરૂં
અંહિસાનું પાલન કરીશ.

૨ હું. અસત્ય, કર્મ-વાણી મનથી નહીં કરૂં
સત્યનું પાલન કરીશ.

૩ હું. ચોરી. અનિતી, અન્યાય. નહીં કરૂં
નિતીથી જીવન જીવીશ.

૪ હું. કુશીલતા. નુ સેવન નહીં કરૂં
બ્રહ્મચર્ય પાળીશ.

૫ હું. પરિગ્રહની. મૂર્છા નહીં કરૂં
અપરિગ્રહ વધારીશ.

૬ હું. ક્રોધ કષાય. નહીં કરૂં
ક્ષમા શીલ રહીશ.

૭ હું. માન અભિમાન નહીં કરૂં
નમ્રતા રાખીશ.

૮ હું. માયા કપટ નહીં કરૂં
સરળતા રાખીશ

૯ હું. લોભ, તૃષ્ણા નહીં કરૂં
સંતોષ રાખીશ.

૧૦ હું. શબ્દ. રૂપ રસ ગંધ સ્પર્શના વિષયોમાં આશક્તિ નહીં કરૂં નિર્મોહી પણે રાગ દ્વેષ રહીતપણે ઇષ્ટ અનિષ્ટ વિષયોમા સમભાવ વધારીશ.

૧૫/૧ હું. મન વચન કાયાનાં યોગોતે આ બધા અસંયમના માર્ગોમાં નહીં પરિણયાવવા ઉપયોગ રાખીશ, અને સમતા ભાવમાં રહીશ. આત્મ ઉપયોગ પૂર્વકનું ધ્યાન કરીશ, અને વૃત્તિઓનો ઉપશમ ક્ષયે પશમ કે ક્ષય કરવા તરફ મારા આત્મા ને પરિણમાવીશ. પરભાવ પરદ્રવ્યમાં જતા ઉપયોગને હું સંયમથી અટકાવીશ, અને તપથી આત્મ શુદ્ધિ કરી, આત્મ સિદ્ધિ પ્રાપ્ત કરીશ. આવી ભાવના આ રીતે નિત્ય પ્રભાતે વિચારીને આજના દિવસમાં આનંદથી પ્રવેશ કરવો, પ્રેમથી પ્રકાશ કરવો, શાંતિથી પૂર્ણ કરતી વખતે, દિવસ સંબંધી આ ૧૭ પ્રકારના સંયમમાં જે તે દોષો પ્રમત્તભાવથી થઇ ગયા હોય, તેવી રાયે આલોચના કરવી. દોષનું પ્રાયશ્ચિત કરવું, ફરીથી ન કરવાની પ્રતિજ્ઞા કરવી, અને શાંતીથી જીવન જીવવુ, આનંદમાં રહેવું, આત્માનું સ્વરૂપ આનંદમય છે, એ આનંદ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે આ બધી આરાધના છે. બાહ્ય એ અભ્યંતર દીપક પ્રગટાવવામાં નિમિત્ત રૂપ થાય તોજ યોગ્ય છે, બહાર ધર્મીષ્ઠ બતાવવા દંભ કરવાની જરૂર નથી, પણ અંતરમાં સંયમ ઉપરથી આત્માને શુદ્ધ સ્વરૂપમાં પરિણમાવવા માટે લક્ષ રાખવાનું છે. આત્મા અનાદિ છે, સંસાર અનાદિ છે, સંસાર દુઃખમય છે, તે આપણે સૌ અનુભવીએ છીએ, તેમાંથી મુક્ત થવા માટે આપણે વિચારવુ જોઇએ, અત્યારે મમતાથી બચવું જોઇએ, અને સમતા ભાવ પ્રગટાવવા, સંયમ સાધના કરવી જોઇએ.

આત્મા પરિણામી છે સમયે સમયે એ પરિણમ્યા કરે છે, કાં તો શુભમાં કાં તો અશુભમાં ઈષ્ટમાં રાગ કરે છે, અનિષ્ટમાં દ્વેષ કરે છે, આ નિમિત્તને પામીને કર્મના નિયમ મુજબ એજ કર્માણુપુદ્ગલો, સ્વયં કર્મ રૂપે પરિણમી જઈ, કર્મના ભાવ અનુસાર પ્રકૃતી પ્રદેશ રસ અને સ્થિતી બંધ રૂપે, બંધાઇ જાયછે. એ શુભા શુભ ભાવ એજ પાપને પુન્ય, શુભથી પુન્ય ને સંસારમાં સુખના સાધનોની પ્રાપ્તિ, અશુભથી દુ:ખને સંસારમાં આપત્તિઓ દુઃખોની પરંપરા, આમ અનાદિ કાળથી તેના કાર્ય કારણના સંબંધ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનુસાર ચાલુજ છે. એ બન્નેરહિત શુદ્ધભાવ શુદ્ધ પરિણામીક ભાવ એ પ્રાપ્ત કરવો, એજ પરમ સુખ અનાદિ અનંત આવ્યાબાધ સુખ, જે સિદ્ધ ભગવંતો પ્રાપ્ત કરી ગયા છે. અહિરંત ભગવંતો પ્રાપ્તકરી આપણા ઉપર ઉપકાર કરી દર્શાવીગયા છે. ગુરૂભ વંતોએ સ્વરૂપ ને શાસ્રો દ્વારા અર્પીગયા છે, તમનો પરમ ઉપકાર વિચારી તેમનાં કહેલા માર્ગેગમન કરવું, એ આપણી ફરજ છે. આપણા આત્માને દુઃખમાંથી મુક્ત કરવો આપણા હાથમાં છે, બીજા નિમિત્ત છે માર્ગદર્શક છે, એ માર્ગ ઉપર દર્શાવ્યો સંયમ, તેની સાધના કરી પ્રાપ્ત કરો અને ધૂન લગાડો કે. शुद्धो हं बुद्धो हं निर्विकरुपो हं ॐ आत्मासदी प्रेम स्वरुपी-शांतिमय हुं आत्मस्वरुप


# ● લોખંડ ●

ના

○ ગોળ અને ચોરસ સળીયા □

પટ્ટી તેમજ પાટા

◁ વિગેરે મળશે. ▷

## ધી ભારત આર્યન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ, ભાવનગર.

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન : ઓફીસ : { ૫૬૫૦ / ૩૨૧૯ }

રેસીડન્સ : { ૪૫૫૭ / ૫૫૨૫ }




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગ્રં....થા.....વ....લો.....ક....ન

**મહાવીર વાણી** :—સંપાદક :– પં. બેચરદાસ જીવરાજ દોશી
પ્રકાશક :– શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શારદાસદન,
૧૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઇ-૧.
કિંમત ચાર રૂપિયા

સમગ્ર પ્રજાની જિજ્ઞાસા સંતોષાય અને પ્રજાનું જીવન વ્યાપક ભાવનામય બને, એ હેતુ લક્ષમાં રાખીને પંડિતજીએ આ ગ્રંથનું નિર્માણ કર્યું છે. શ્રી મહાવીર પરમાત્માએ ઉપદેશેલ મહત્ત્વની અને જીવનસુધારણામાં ઉપયોગી અને સહાયરૂપ બની શકે તેવી ગાથાઓ ચુંટીને તેનું સંકલન કરવામાં આવ્યું છે. તે સાથે ગાથાઓના અર્થ અને વિવેચન આપવા ઉપરાંત બૌદ્ધ વૈદિક અને અન્ય સાહિત્ય સાથે તે તે વિષયની તુલના અને સમન્વય કરેલ છે. તેથી સામાન્ય વાચકને રૂચિકર થવા ઉપરાંત વિશિષ્ટ અભ્યાસીને પણ આ ગ્રંથ સુંદર માર્ગદર્શન આપે છે.

ગ્રંથની શરૂઆતમાં ભગવાન મહાવીરના જીવનની ટુંકી રૂપરેખા આપવામાં આવી હોવાથી આ ગ્રંથ સવિશેષ આવકારદાયક બન્યો છે.

પૂ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજના આશીર્વચન ('હાર્દિક સદ્ભાવ') અને સ્વામી આનંદની પ્રસ્તાવના ( વીતકોની રાત વીતી') પુસ્તકની મહત્તામાં વધારો કરે છે.

આ ગ્રંથની આ સાતમી આવૃત્તિ છે તે હકીકતજ આ ગ્રંથની લોકપ્રિયતા અને ઉપયોગિતા પુરવાર કરે છે.

આ સુંદર અને ઉપયોગી ગ્રંથ સહુ કોઈએ અવશ્ય વસાવવા જેવો છે.

**શ્રી દર્ભાવતી-દર્શનાવિહાર** પ્રકાશક :—આચાર્યશ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઇ આગમમંદિર,
શ્રીમાળીવાગા, ડભોઇ, (વડોદરા)
કિંમત રૂા. ૧૦-૦૦

પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજની રાહબરી અને આશીર્વાદથી ડભોઈમાં જીર્ણ થઈ ગયેલા સ્થાપત્યોનું નવનિર્માણ કરવામાં આવેલ છે અને તેને શ્રી ઋષભાદિ જયતિલક પ્રાસાદ આદિ નામ આપવામાં આવેલ છે. તેની આ સુંદર ચિત્રકૃતિ છે. એક પાના ઉપર કલાકૃતિ અને સામેના પાના ઉપર ગુજરાતી મોટા ટાઇપમાં કલાકૃતિનો પરિચય એ રીતે આપવામાં આવેલ છે. જિજ્ઞાસુઓએ વસાવવા યોગ્ય ગ્રંથ છે.

**શ્રી શાંતિનાથ જિન પંચકલ્યાણક પૂજા** :-રચયિતા :– પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ
પ્રકાશક :– આચાર્યશ્રી જંબૂસ્વામી જૈન મુકતાબાઇ
આગમમંદિર, શ્રીમાળીવાગા, ડભોઈ (વડોદરા)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુંદર, સરળ, ભાવવાહી ચાલુ રાગોમાં આ પૂજાની રચના કરવામાં આવી છે. શાંતિનાથ જિન પંચકલ્યાણકની બીજી પૂજા નહિ હોઇને, એ રીતે પણ, પૂજા-સાહિત્યના ક્ષેત્રે આ એક મહત્ત્વની અને ઉપયોગી કૃતિ બની રહે છે.

**પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજની ટૂંકી જીવન ઝરમર**

સંપાદકો :–પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ
પૂ. મુનિરાજશ્રી સિદ્ધાચલવિજયજી મહારાજ
પ્રકાશક :–આર્યશ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ
આગમમંદિર, શ્રીમાળીવાગા, ડભોઈ (વડોદરા)

આ પુસ્તકોમાં પૂ. આચાર્ય મહારાજશ્રીનું ટુંક જીવનવૃત્તાંત આપવામાં આવેલ છે.

અનંતરાય જાદવજી શાહ

# ઈનામ-વિતરણ-સમારંભ

શ્રી આત્માનંદ સભા તરફથી નિબંધ હરીફાઈમાં વિજેતા બનનારાઓને ઈનામ આપવાનો એક સમારંભ તા. ૮-૯-૭૪ ને રવિવારના રોજ શ્રી ભોગીભાઈ લેક્ચર હોલમા સવારના સાડા દસ વાગે પૂ. આચાર્યશ્રી ચંદ્રોદયસૂરીજીની નિશ્રામાં યોજાયો હતો. અત્રેની સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી વિનયકાન્ત કે. મહેતા (બી. કોમ. એ. આઇ. એ. સી (બર્મીંગહામ) એ. આઈ. આઇ બી.) એ મુખ્ય મહેમાનપદ શોભાવ્યું હતું.

પૂજ્ય આચાર્યશ્રીના માંગલિક સમારંભની શરૂઆત થઇ હતી ત્યારબાદ બાળાઓના મંગલાચરણ અને સ્તુતિ બાદ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ પૂજ્ય આચાર્યશ્રી તથા અન્ય શ્રોતાગણનું હાર્દિક સ્વાગત કરતા કહ્યું હતું, કે આવા સમારંભો યોજવાથી યુવકોની શક્તિ બહાર આવે છે. આવી નિબંધ હરીફાઇમાં વધારે ને વધારે વિદ્યાર્થીઓ ભાગ લે એ જરૂરી છે. પોતાના વક્તવ્ય દરમીયાન શ્રી ગુલાબચંદભાઇએ અત્યારની કટોકટીભરી દુષ્કાળ જેવી સ્થિતિનો ઉલ્લેખ કરી સૌને યોગ્ય કર્તવ્ય બજાવી ગરીબો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા જણાવ્યું હતું.

ત્યાર બાદ પૂ. આચાર્યશ્રી ચંદ્રોદયસુરીએ નિબંધ હરીફાઈના ભાગ લેનારાઓને વધારે અભ્યાસ પરાયણ બનવા પ્રેરણા આપી, જણાવ્યું હતું કે "જૈન સમાજ" સમયોચિત ફરજ બજાવવામાં કદિ પાછો પડતો નથી, તે અંગે સુરત વગેરે સ્થળોએ જૈન સમાજે બજાવેલ અનુકમ્પાના ઉદાત કાર્યનો પરિચય આપી, અત્યારે પણ જૈન સમાજમાં 'અનુકમ્પા' અંગે પોતાથી ઘટતું કરે એવી પ્રેરણા આપી હતી.

( અનુસંધાન ટાઈટલ ત્રીજા ઉપર જુઓ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન પાના નં. ૧૪૪ નું ચાલુ )

પૂ. આચાર્યશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભાવનગરમાં અગાઉ જ્ઞાનની પરબો વહેતી એવી જ જ્ઞાનની પરબ ફરી વહેતી થાય એ જરૂરી છે.

ત્યાર બાદ સભાના મંત્રીશ્રી હીરાભાઇએ ટૂંક વકતવ્ય કર્યું હતું. તે પછી મુખ્ય મહેમાન શ્રી વિ. કે. મહેતા સાહેબે નિબંધ હરીફાઈનો ઉલ્લેખ કરી 'જૈન દર્શન'ની મહત્તા સમજાવી હતી અને જ્ઞાનની પરબમાં પોતાથી બનતો સહકાર આપવાની ઇચ્છા દર્શાવી હતી તે પછી મુખ્ય મહેમાન શ્રી મહેતા સાહબના શુભ હસ્તે ઇન.મો અપાયા હતા.

ત્યાર બાદ આભારવિધિ પછી સભા વિસર્જન થઇ હતી.

## નિબંધ હરીફાઇનું પરિણામ

૨૫૦૦ મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે સભા તરફથી યોજાયેલ નિબંધ હરીફાઇનું પરિણામ નીચે મુજબ છે.

અ વિભાગમાં ૯૭ ભાઇબહેનોએ ભાગ લીધો હતો, તેમાં નીચેના ભાઇ-બહેનો ઇનામ મેળવે છે.

| | | માર્ક | રૂા. |
|---|---|---|---|
| ૧ | શાહ મૃદુલા જગજીવનદાસ | ૭૧ | ૩૫ |
| ૨ | શાહ પ્રફુલ્લા ઓધવજી | ૭૧ | ૩૫ |
| ૩ | શાહ વીરેન્દ્રકુમાર લહેરચંદ | ૭૧ | ૩૫ |
| ૪ | શાહ નલીનકુમાર કુંવરજી | ૬૫ | ૧૫ |
| ૫ | શાહ અતુલ અનંતરાય | ૬૫ | ૧૫ |
| ૬ | શાહ અશોકકુમાર હીરાલાલ | ૬૫ | ૧૫ |
| ૭ | મહેતા ઇન્દિરા રમણીકલાલ | ૬૫ | ૧૫ |
| ૮ | શેઠ દેવીબેન કાળીદાસ | ૬૫ | ૧૫ |

બ વિભાગમાં ૧૧ ભાઇ બહેનોએ ભાગ લીધો હતો, તેમાં નીચેના ભાઇ-બહેનો ઇનામ મેળવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | શાહ વિલાસ જગજીવનદાસ | ૬૫ | ૫૦ |
| ૨ | શાહ વર્ષા ભગવાનદાસ | ૬૫ | ૫૦ |
| ૩ | પટોળીઆ અરૂણકુમાર રમણીકલાલ | ૬૧ | ૨૫ |
| ૪ | સંઘવી સરલા હીંમતલાલ | ૬૧ | ૨૫ |
| ૫ | મહેતા રશ્મિન કાન્તિલાલ | ૬૧ | ૨૫ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | रु. न. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. " " प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १०-०० |

### અંગ્રેજી ગ્રંથો

| | R N.p |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

### ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨-૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬-૨૫ |
| કાચુ બાઈન્ડીંગ | ૫-૨૫ |

પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રકઃ હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only